Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

# SHREE ATMANAND PRAKASH



Vol-3 * Issue-8
JUNE-2003
જેઠ
જુન-૨૦૦૩
આત્મ સંવત : ૧૦૭
વીર સંવત : ૨૫૨૯
વિક્રમ સંવત : ૨૦૫૯
પુસ્તક : ૧૦૦

आरोग्यं द्विविधं बाह्यमान्तरं तत्र चादिमम्- ।
शारीरिकं द्वितीयं च चित्तनार्मल्यलक्षणम् ॥

*

આરોગ્ય બે પ્રકારનું : બાહ્ય અને આન્તર. શારીરિક આરોગ્ય એ બાહ્ય આરોગ્ય અને માનસિક નૈર્મલ્યરૂપ આરોગ્ય એ આન્તર આરોગ્ય. ૧૨.

*

Health is of two kinds : outer and inner. The former is bodily and the latter, the purified state of mind. 12.

*(કલ્યાણભારતી ચેપ્ટર-૫ : ગાથા-૧૨, પૃષ્ઠ-૭૫)*

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

તંત્રી : શ્રી પ્રમોદકાંત ખીમચંદ શાહ

## અનુક્રમણિકા



| ક્રમ | લેખ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| (૧) | જૈન શ્રાવક | રચયિતા : બુદ્ધિસાગરસૂરિજી મ.સા. | ૧ |
| (૨) | સ્વાધ્યાય એટલે સ્વયંનું અધ્યયન : બેહોશીમાંથી જાગૃતિ તરફનું કદમ | —મહેન્દ્ર પુનાતર | ૨ |
| (૩) | પૂજાનું સાચું સ્વરૂપ | પ્રા. ડૉ. પ્રફુલ્લાબેન રસિકલાલ વોરા | ૪ |
| (૪) | અષ્ટાપદ-કૈલાસ માનસરોવર યાત્રા (૮) | કાંતિલાલ દીપચંદ શાહ | ૭ |
| (૫) | શ્રી ચંડરુદ્રાચાર્ય અને શ્રી શય્યંભવાચાર્ય | ડૉ. કુમારપાળ દેસાઈ | ૧૦ |
| (૬) | પૂ.પં. ભદ્રંકરવિજયજી મ.સા.ના પ્રવચનો | | ૧૩ |
| (૭) | નિર્મલ દૃઢ સમકિત ગુણવતી મહાસતી સુલસા | પં. શ્રી ગુણસુંદરવિજયજી | ૧૫ |
| (૮) | ત્યાગ - ભગવાન મહાવીરની દ્રષ્ટિએ.... | —દીપકભાઈ દેસાઈ | ૧૮ |
| (૯) | મનુષ્ય માત્ર ભૂલને પાત્ર | —[illegible]ગેશ્વર | ૨૦ |



### આ સભાના નવા પેટ્રન મેમ્બરશ્રી

દર્શનકુમાર અશોકભાઈ દોશી (દોશી બ્રધર્સ) મુંબઈ

જયેશકુમાર ચંપકલાલ વોરા – સુરત

શૈલેષકુમાર ચંપકલાલ વોરા – સુરત

જગતકુમાર ચંપકલાલ વોરા – સુરત

### આ સભાના નવા આજીવન સભ્યશ્રી

શાહ કેયુરકુમાર વિનયચંદ્ર – ભાવનગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




ટ્રસ્ટ રજી. નં. એફ-૩૭ ભાવનગર

**શ્રી જૈન આત્માનંદ સભા**

ભાવનગરનું મુખપત્ર

(ફક્ત સભ્યો માટે)

* * *

**સભાના હોદ્દેદારશ્રીઓ :**

(૧) પ્રમોદકાંત ખીમચંદ શાહ—પ્રમુખ

(૨) દિવ્યકાંત મોહનલાલ સલોત—ઉપપ્રમુખ

(૩) જશવંતરાય ચીમનલાલ ગાંધી—ઉપપ્રમુખ

(૪) મનહરલાલ કેશવલાલ મહેતા—માનદ્‌મંત્રી

(૫) ચંદુલાલ ધનજીભાઈ વોરા—માનદ્‌મંત્રી

(૬) ચીમનલાલ વર્ધમાન શાહ—માનદ્‌મંત્રી

(૭) હસમુખરાય જયંતીલાલ શાહ—ખજાનચી

* * *

સભા પેટ્રન મેમ્બર ફી રૂા. ૧૦૦૦=૦૦

સભા આજીવન સભ્ય ફી રૂા. ૫૦૦=૦૦

* * *

**શ્રી આત્માનંદ પ્રકાશ વાર્ષિક જાહેરાત દર :**

ટાઈટલ પેઈજ આખું રૂા. ૫૦૦૦=૦૦

આખું પેઈજ રૂા. ૩૦૦૦=૦૦

અર્ધુ પેઈજ રૂા. ૧૫૦૦=૦૦

પા પેઈજ રૂા. ૧૦૦૦=૦૦

* * *

શૈક્ષણિક ઉત્તેજન, જ્ઞાનખાતું, સભા નિભાવ ફંડ, યાત્રા પ્રવાસ આદિમાં વ્યાજું ફંડ માટે ડોનેશન સ્વીકારવામાં આવે છે.

* * *

**: માલિક તથા પ્રકાશન સ્થળ :**

શ્રી જૈન આત્માનંદ સભા

ખારગેઈટ, ભાવનગર-૩૬૪૦૦૧

ફોન નં. (૦૨૭૮) ૨૫૨૧૬૯૮


## ❀ જૈન શ્રાવક ❀

*(રચયિતા : શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિજી મ. સા.)*

ખટપટિયા કે શ્રાવકો, ખટપટ કરે હજાર;
કપટે મુનિ લડાવતા, નારદ સમ અવધાર. ૪૩

આડુ અવળું ભેરવી, કપટ કળાથી વાત;
કરી સાધુઓ પજવતા, કરી ધર્મની ઘાત. ૪૪

એવા શ્રાવક નામના, નિષ્ફળ કાઢે કાળ;
ધર્મરત્ન હારી જતા, ધર્મ માર્ગમાં બાળ. ૪૫

રૂચિ નહિં મુનિવૃન્દ પર, રામાપર બહુ રાગ;
કદર સાધુની ના કરે, મનમાં કાળો કાગ. ૪૬

શ્રાવક એવા નામના, કૂળથકી કહેવાય;
કરે ન ધર્મારાધના, મિથ્યાત્વી દેખાય. ૪૭

નિન્દે ધર્મ વિચારને, નિન્દે ધર્માચાર;
નાસ્તિક શ્રાવક જાણવા, બાંધે કર્મ અપાર. ૪૮

કરે સંઘની હેલના, ધરે સંઘપર ખાર;
ધર્મ સંઘ માને નહીં, દુર્ભવી શ્રાવક ધાર. ૪૯

નાત જાત વ્યવહારથી, સાધે ધર્માચાર;
અન્તરૂમાં શ્રદ્ધા નહીં, કૃત્રિમ શ્રાવકધાર. ૫૦

ધન દારાદિક સ્વાર્થથી, કરે ધર્મ પરિહાર;
શ્રાવક વિષયાનન્દી તે, ઉતરે નહિ ભવપાર. ૫૧

ધર્મતત્ત્વ સમજે નહીં, મન રાખે અહંકાર;
મૂઢ જૈન તે જાણવો, કરે ન સમજી સાર. ૫૨

ગદ્ધા પુચ્છ કદાગ્રહી, ત્યજે ન જૂઠો પક્ષ;
કદાગ્રહી શ્રાવક અરે, થાય નહીં જગદક્ષ. ૫૩

જ્યાં જાવે ત્યાં તેહવો, ક્ષણ ક્ષણમાં થઈ જાય;
સત્ય જૂઠ જાણે નહીં, ક્ષણિક શ્રાદ્ધ કથાય. ૫૪

વિના વિચારે બોલતો, કરતો તાણાંતાણ;
ક્ષેત્ર કાલ અનુભવ વિના, શ્રાવક મૂર્ખ પ્રમાણ. ૫૫

ઉદ્ધત ને અવળો બની, લોપે ધર્માચાર;
સિદ્ધાન્તોને લોપતો, નાસ્તિક શ્રાવક ધાર. ૫૬

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સ્વાધ્યાય એટલે સ્વયંનું અધ્યયન : બેહોશીમાંથી જાગૃતિ તરફનું કદમ

—મહેન્દ્ર પુનાતર

અંતરતપમાં પ્રાયશ્ચિત, વિનય અને વૈયાવૃત્ય અંગે આપણે જાણવાની કોશિશ કરી હવે અંતરતપના ચોથા ચરણ સ્વાધ્યાય અંગે વિચારીએ. સ્વાધ્યાયનો દેખીતો અર્થ છે શાસ્ત્રનું, ધર્મગ્રંથોનું પઠન, અધ્યયન અને મનન, ભણવું - ભણાવવું, જે શંકા હોય તે ગુરુને પૂછવી, જે કાંઈ યાદ હોય તેને ફરીફરી સ્મરણમાં લાવવું. વાંચેલી વાતને એકાગ્રચિત્તે વિચારવી, ધર્મોપદેશ દેવો-ધર્મકથા કરવી. કોઈપણ સાધક માટે આ જરૂરી છે પરંતુ માત્ર આટલાથી તે અંતરતપ બની શકે નહીં. માત્ર શાસ્ત્રોનો અભ્યાસ કરવાથી ખરા અર્થમાં જ્ઞાની બની શકાય નહીં. અંતરતપ આટલું સરળ અને સહેલું નથી. તે કઠિન સાધના છે. એટલે સ્વાધ્યાયના ગર્ભિત અર્થને આપણે સમજવો પડશે.

સ્વાધ્યાયનો અર્થ છે સ્વયંનું અધ્યયન. સ્વયંના અનુભવ વગરનું જ્ઞાન નકામું બની જાય છે. આ જગતમાં જેટલું જાણી શકાયું છે અને ભવિષ્યમાં જેટલું જાણી શકાશે તે મનુષ્યની ભીતરમાં પડેલું છે અને મનુષ્ય દ્વારા જ તે જાણી શકાશે. આપણે એક વિચિત્ર ગ્રંથિઓની જાળ છીએ. આપણી અંદર એક દુનિયા પડી છે. હજારો જાતના ઉપદ્રવો છે. આ બધાનું અધ્યયન એટલે સ્વાધ્યાય.

સ્વાધ્યાયનો અર્થ માત્ર શાસ્ત્રોનું પઠન અને મનન હોત તો તેને અધ્યયન કહેવું પૂરતું હતું. પરંતુ તેને સ્વાધ્યાય એટલા માટે કહેવામાં આવ્યું છે કે અંતરમાં ઉતરવાની આ પ્રક્રિયા છે. સ્વયં વિશે જાણવાનો આ માર્ગ છે. આપણી અંદર રાગ, દ્વેષ, ક્રોધ, લોભ, માન, માયા વગેરે અનેક ઉપદ્રવો છે. આ શા માટે છે? આ બધા ઉપદ્રવો આપણી ભીતરમાં શી હલચલ મચાવે છે? તેના દ્વારા આપણે કેવા કેવા વિચારો કરીએ છીએ? આ બધા ઉપદ્રવો કઈ રીતે શમે? આપણે સ્વયં કેવા છીએ? એ બધાનું અધ્યયન એટલે સ્વાધ્યાય. આપણે ક્રોધનું કે રાગનું અધ્યયન કરી રહ્યા હોઈએ તો તે સ્વાધ્યાય છે પરંતુ ક્રોધની બાબતમાં બીજાઓએ શું કહ્યું છે તેનો વિચાર કરીએ, શાસ્ત્રમાં શું લખ્યું છે તેનો વિચાર કરીએ તો એ સ્વાધ્યાય બનશે નહીં. કારણ કે એ બીજાનો અનુભવ છે. એ માર્ગદર્શન રૂપ બની શકે પરંતુ અંતરતપની છલાંગમાં બીજાનો અનુભવ કામ આવે નહીં. તરતા શીખવું હોય તો તમારે ખુદ પાણીમાં ઉતરવું પડે. તરવા માટેનો ગમે તેટલો કિનારે બેસીને અભ્યાસ કર્યા કરો તો તરતા થોડું આવડી જવાનું છે તે માટે પાણીમાં ડૂબકી લગાવવી પડે. મનુષ્ય ખુદ એક શાસ્ત્ર છે. પ્રત્યેક માણસની ભીતરમાં તેના બીજ પડેલા છે. સ્વાધ્યાય દ્વારા તેને પોષણ આપવાનું છે. જે દિવસે આ બીજ અંકુરિત થશે અને કૂંપળ ફૂટશે ત્યારે અંદર વિસ્ફોટ થશે અને જ્ઞાનની ગંગા વહેતી થઈ જશે.

કોઈપણ વસ્તુને બે રીતે જાણી શકાય છે. એક વસ્તુગત રીતે અને બીજું આત્મગત રીતે. જાણવાની પ્રક્રિયામાં બે ઘટનાઓ ઘટે છે. એક જાણવાવાળો હોય છે અને બીજી જાણવા માટેની વસ્તુ હોય છે. જ્ઞાતાને જાણવો એ ધર્મ છે અને જ્ઞેયને જાણવું એ વિજ્ઞાન છે. આપણે ગમે તેટલું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## અંતરમાં ઊતરવાની પ્રક્રિયા એટલે સ્વાધ્યાય : ચોથું મહત્ત્વનું ચરણ

જાણી લઈએ તો પણ જ્ઞાતા અંગે કશી ખબર પડવાની નથી. સૂર્ય, ચંદ્ર, તારા અને બ્રહ્માંડના રહસ્યોને આપણે ગમે તેટલા જાણી લઈએ તો પણ આપણા સંબંધમાં આપણે કશું જાણી શકીશું નહીં. જેમ જેમ જાણકારી વધે છે તેમ તેમ જાણવાવાળો માણસ ખોવાઈ જાય છે. જાણકારી વધુ એકઠી થઈ જાય ત્યારે જ્ઞાતા તેની હેઠળ ઢંકાઈ જાય છે. માત્ર જાણકારીથી ભીતરમાં કશું પરિવર્તન ઊભું નહીં થાય. હું સર્વજ્ઞ છું એવો માત્ર ભ્રમ ઊભો થશે. જીવન માટે જે જ્ઞાન કામ ન આવે તે મિથ્યા જ્ઞાન છે. આટલું બધું જાણ્યા પછી પણ મનુષ્ય પોતાને નથી જાણતો તે એક આશ્ચર્યજનક બાબત છે. એટલે મહાવીર પ્રભુએ તેને અંતરતપ કહ્યું છે. જયાં સુધી સ્વયંની ઓળખ ન થાય ત્યાં સુધી દુનિયાની કોઈપણ ચીજ વિશેનું જ્ઞાન નકામું છે. આપણે એક ચીજ વિશે જાણીએ કે દસ ચીજ વિશે જાણીએ શું ફરક પડે છે? આ બધું જાણવા છતાં આપણે ત્યાનાં ત્યાં જ રહીએ છીએ. સ્વયંમાં ઉતર્યા વગર આત્મજ્ઞાન થતું નથી. સ્વાધ્યાય એ આત્મજ્ઞાનની પ્રક્રિયા છે. જે કોઈ બીજાએ કહ્યું છે તે આપણું જ્ઞાન બની શકે નહીં. આપણે માટે આપણો પોતાનો અનુભવ જરૂરી છે. બીજાનું જ્ઞાન આધાર બની શકે નહીં. કોઈપણ જ્ઞાન શબ્દોમાં ઉતરતા ઉતરતા તેનું મૂળભૂત સત્ય ગુમાવી બેસે છે. તેનું અર્થઘટન બદલાઈ જાય છે અને માત્ર છાયા રહી જાય છે. એટલે કેટલીક વખત અજ્ઞાનીઓ સ્વયંના આધાર પર પરમાત્માને પામી જાય છે. અને જ્ઞાનીઓ ત્યાંના ત્યાં જ રહે છે. સ્વાધ્યાયનો અર્થ છે સ્વયંમાં ઉતરવું અને તેનો અભ્યાસ કરવો.

જયારે માણસ પોતાનું સ્વયંમનું સ્મરણ કરે છે ત્યારે સ્વાધ્યાય શરૂ થાય છે અને બીજા પ્રત્યે જયારે ધ્યાન કેન્દ્રીત થાય છે ત્યારે સ્વાધ્યાય બંધ થઈ જાય છે. સ્વયં પરથી ધ્યાન હટીને બીજી ચીજ પર કેન્દ્રીત થાય છે ત્યારે માણસ સ્વયંને ભૂલી જાય છે. આ અનુપસ્થિતિને તોડવાનું કામ સ્વાધ્યાય છે. સ્વાધ્યાયનો અર્થ છે જીવનનું કોઈપણ કૃત્ય, વિચાર કે ઘટના મારી ગેરહાજરીમાં અનુપસ્થિતિમાં ન બને. મારી અંદર જે કાંઈ ઘટના ઘટે તે અંગે હું જાગૃત રહું. ક્રોધ હોય તો ક્રોધમાં, રાગ હોય તો રાગમાં, ધૃણા હોય તો ધૃણામાં હું મૂર્ચ્છાવશ ન બની જાઉં પણ જાગૃત રહું. આ જાગૃત રહેવાની પ્રક્રિયા એટલે સ્વાધ્યાય. જે કાંઈ ખોટું થાય છે તે મૂર્ચ્છાવસ્થામાં થતું હોય છે. માણસ જાગૃત રહે તો કોઈપણ પગલું તે ખોટું ભરે નહીં આવી ઘટના અસંભવિત બની જાય. મહાવીર ભગવાને કહ્યું છે 'હોંશપૂર્વક જીવો, અપ્રમાદથી જીવો, જાગૃત રહીને જીવો.'

આપણું સારું ધ્યાન અને સમગ્ર ચેતના બહાર તરફ વહી રહી છે એટલે અંદર અંધકાર છે. બહારની ચીજોમાં આપણે એટલા તલ્લીન છીએ કે અંદર દૃષ્ટિ જતી નથી. બહારના આ ધ્યાનને, રોશનીને અંદર વાળવી અને અંદર જોવાનું શરૂ કરવું તેનું નામ સ્વાધ્યાય. એક માણસ આપણને ગાળ દઈ રહ્યો છે વસ્તુ બહાર છે. માણસ બહાર છે. ગાળ બહાર છે અને અંદર ક્રોધ ઊભો થઈ રહ્યો છે. આપણે ગાળ પર ધ્યાન આપીશું તો તે સ્વાધ્યાય નહીં બની શકે પરંતુ આપણે જો ક્રોધ પર ધ્યાન આપીશું તો તે સ્વાધ્યાય બની જશે.

(અનુસંધાન માટે જુઓ પાનું-૬)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# * પૂજાનું સાચું સ્વરૂપ *

પ્રા. ડૉ. પ્રફૂલ્લાબેન રસિકલાલ વોરા

નુતન યુગના મંડાણથી માનવીના જીવનમાં જેમ જેમ ભૌતિક સુખ-સંપત્તિનાં સાધનો અને સગવડ વધવા લાગ્યાં છે, તેમ તેમ તેની દોટ વધારે ને વધારે સંપત્તિનો સંચય કરવા તરફ વધતી જાય છે.

ચારે બાજુ આમતેમ પાસાં ફેંકતો, પોતાના ચાતુર્ય વડે ભૌતિક સમૃદ્ધિની ટોચે બેઠેલો માનવી આજે સત્તાનો સ્વામી બની બેઠો છે. તેની આજુબાજુ દુન્યવી અજવાળાંનું વર્તુળ વિસ્તરતું જાય છે. આ વિશ્વની ક્ષિતિજો પણ તેને ટૂંકી પડતી હોય, એમ તે પૂરાં બ્રહ્માંડને પોતાની અંદર સમાવવા મથી રહ્યો છે.

બાહ્ય જગતની રોશનીના ઝળહળાટ વચ્ચે આ ચાર દિવસની ચાંદનીને માણી લેવાની દોડાદોડ કરતો માનવી ઈચ્છાના ઘોડાઓને પણ બેલગામ દોડાવી રહ્યો છે. સવારથી સાંજ સુધી સુખની ઘેલછામાં શ્વાસ લેતો માનવી રાત્રે પણ નિરાંતની નિંદર લઈ શકતો નથી.

આસપાસ રંગીન ફૂવારાની છોળો હોય કે ધનના ઢગલા વચ્ચે પણ અશાતા અનુભવતું મન સતત ઝંખના કરે છે શાંતિની, ત્યારે ભૌતિક સુખના મહાસાગર વચ્ચે પણ તે કોઈ અસહ્ય તરસની પીડાનો અનુભવ કરે છે. આમ, એક બાજુએ સ્વપ્નને સાકાર કરવાના અથાગ પ્રયત્નોથી થાકેલો માનવી વાસ્તવિકતાની ધરતી પર હાશનો અનુભવ ઝંખે છે. આમ જ ચાલતું રહે છે આ ઘટમાળનું ચક્ર. આ શાંતિની ઝંખનાના કારણે જ આજે મંદિરો, મસ્જિદો કે દેવળોની દીવાલો આસ્થાની ગવાહી પૂરતી ઊભી છે.

મનની વ્યગ્રતાને સાંત્વન આપતાં શિખરો પર ધર્મની ધજાઓ ફરકી રહી છે. આમ, આપણે સર્જેલી પરિસ્થિતિ વચ્ચે પણ દીવાદાંડીની જેમ શ્રદ્ધાનો દીપક પ્રગટી રહ્યો છે. એક બાજુ બહુમાળી ભવનો બંધાય છે, તો બીજી બાજુ મંદિરોમાં મૂર્તિની પ્રાણ પ્રતિષ્ઠા થઈ રહી છે. આ બતાવે છે કે આપણે ભલે વિજ્ઞાનયુગમાં હરણફાળ ભરતાં હોઈએ, પણ અંતે તો એક એવી જગ્યા છે, જયાં આવીને સૌ કોઈ મનમાં હળવાશનો અનુભવ કરે છે—એ છે આપણો પૂજાખંડ, મંદિરનું મૂર્તિગૃહ.

વહેલી સવારના પૂર્વાકાશમાં પ્રગટ થતી લાલીમાની સાથે પૂર્ણ શ્રદ્ધાથી, બે હાથ ઊંચા કરીને, નત મસ્તકે સૂર્યદેવને અર્ધ્ય અપાતું હોય એ દૃશ્ય આજે પણ જોવા મળે છે. હાથમાં શ્રદ્ધાનો ભરચક થાળ લઈને, આંખોમાં પરમપાવન પરમેશ્વર પ્રત્યે વહેતી ભક્તિ ભાવના આંખોમાં છલકાતી હોય એવા ભક્તોની હારમાળા જોવાનું સદ્‌ભાગ્ય આજે ય મળે છે. તો પથ્થર કે ધાતુની મૂર્તિમાં પરમતત્ત્વની પ્રતિષ્ઠા કરીને પોતાના જીવનને સાર્થક કરતા પૂજારીઓની આંખો આજેય પ્રભુમાં લીન બનતી જોવા મળે છે. વિધિપૂર્વક બોલાતી વેદોની ઋચાઓ હોય કે પછી ફળિયામાં કોઈ લીલાછમ્મ તુલસી ક્યારે છંટાતાં કંકુ–છાંટણાં હોય. આ તમામ દૃશ્યો ઈશ્વર તરફ રહેલી માનવીની શ્રદ્ધાનાં દર્શન કરાવે છે. આ આસ્થાનાં અજવાળે તો ગમે તેવો બોજ ઊઠાવતો માનવી હળવાશનો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અનુભવ કરે છે, અને ઝંઝાવાતી ફટકાઓ ઝીરવી લેવાનું સામર્થ્ય મેળવે છે.

પરંતુ....પરંતુ પ્રશ્ન એ છે કે આ તમામ વિધિ અને કર્મકાંડ સાચા અર્થમાં પ્રભુભક્તિ કે પ્રભુપૂજા છે? ક્યારેક તો એવું જ લાગે કે દુનિયામાં વાહવાહ કરાવવા માટે ધર્મના આડંબરનો અંચળો ઓઢીને કોઈ સામાજિક પ્રતિષ્ઠા ખાતર ક્રિયાકાંડ કરાવવામાં આવે છે.

પરમ તત્ત્વને પામવા માટે માનવી ભક્તિ, પૂજન કે અર્ચનનું અવલંબન લે છે, પરંતુ એનો અર્થ ખોટો સમજે છે. પૂજાને ખોટા પરિવેષમાં અપનાવી છે. તો પ્રશ્ન એ થાય કે :

–શું પૂજા એટલે ઢોલ, નગારા કે જોર-શોરથી ગવાતા શ્લોકો કે ભજનો?

–પૂજા એટલે ભાત ભાતના પકવાનોનો થાળ કે પ્રસાદ?

–પૂજા એટલે ભજન, કીર્તન અને એ માટેના વરઘોડા?

–પૂજા એટલે સૂતેલા પરમાત્માને જગાડવા માટે કરવામાં આવતો ઘંટનાદ?

–પૂજા એટલે ટીલા, ટપકાં અને તિલકની શોભા?

–પૂજા એટલે ઉપરથી રૂપાળું અને અંદરથી સડી ગયેલું વ્યક્તિનું સ્વરૂપ?

આવા પ્રશ્નોના ઉત્તરો પૂજાના સાચાં સ્વરૂપને ઓળખવા માટે પથદર્શક બની શકે છે, કારણ કે આજે આપણે એક અતિ મહત્ત્વની વાત ભૂલીને આગળ ચાલીએ છીએ કે ઇશ્વર એ એવી આકૃતિ છે કે તેનું કેન્દ્ર સાર્વત્રિક છે, પરંતુ પરિઘ ક્યાંય નથી.

ઇશ્વર પ્રાપ્તિ માટે કરાતી વિધિઓ એ કાંઈ બાહ્ય આરાધના નથી. ઊંચા ઊંચા અવાજે, મંદિરની દીવાલો ખળભળી જાય ત્યાં સુધી ઢોલ-નગારા વગાડીને કે ચંદન ઘસીને વાટકા ભરી તેનો લેપ કર્યા કરવાથી નથી ઇશ્વરની પ્રાપ્તિ થતી કે નથી એ પૂજાનો કોઈ મર્મ સચવાતો.

તો સાચી પૂજા એટલે શું?

–પૂજા એટલે મનની સીમાઓનો પરમતત્ત્વની પ્રાપ્તિ સુધીનો વિસ્તાર.

–પૂજા એટલે આત્માનું પરમાત્મા સાથેનું અતૂટ અભિસંધાન.

–પૂજા એટલે અંતરવીણાથી નીપજતું ભાવસંગીત.

–પૂજા એટલે હૃદયની ભાષા, મનનો વ્યાપાર અને અંતરની આરત.

ખરા અર્થમાં પૂજા એટલે પરમતત્ત્વના દર્શન માટે આંતરચક્ષુની દૃષ્ટિ.

કદાચ આંખ સામે મૂર્તિ કે પ્રતિમા નહીં હોય તો ચાલશે; મોટા મોટા દેવસ્થાનો ન બનાવીએ તો પણ ચાલશે કારણ કે જે અંતરની આરતથી પરમતત્ત્વમાં લીન બને છે, અને ત્યાં પહોંચવાનો પુરુષાર્થ કરે છે તેને કોઈ અન્ય આધાર કે અવલંબનની આવશ્યકતા નથી.

પૂજામાં ભૌતિક સામગ્રી કે ક્રિયાકાંડોને બદલે આંતરશક્તિઓને જગાડી ઉત્તમતાના પથ પર પ્રયાણ કરવામાં આવે તો પરમ સામર્થ્યની પ્રાપ્તિ જરૂર થાય છે. જે પૂજામાં મનનું જોડાણ ન હોય; હૃદયનું સમર્પણ ન હોય કે અંતરનું અભિસંધાન ન હોય તે પૂજાનું કોઈ પરિણામ મળતું નથી. પરમતત્ત્વના પ્રકાશના પુંજને પામવાની તાકાત બુદ્ધિના સામર્થ્ય કરતાં હૃદયની વિશુદ્ધ ભાવનાઓમાં વધારે હોય છે. અને આ જ ભાવના અજ્ઞાનના અંધારા ઉલેચીને જ્ઞાનની પરમ જ્યોતિને પ્રગટાવશે. અંતર ભાષા એ મૌનની ભાષા છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કહેવાયું છે કે મૌનમાં વાર્તાલાપની મહાન કલા છે. સાચી પૂજામાં શબ્દોના વાર્તાલાપને બદલે અંતરની લિપિ દ્વારા રચાતા સંવાદનું સ્થાન મહત્ત્વનું છે.

પૂજા વખતે મનના ઘોડા બેલગામ બની ચારે તરફ દોડતા હોય, કે મન અશાંત બની જતું હોય ત્યારે પૂજા માત્ર આડંબર બની જાય છે.

ઈશ્વર ભલે નિરાકાર હોય પણ કોઈ પૂજક પોતાના મનની ઈચ્છા મુજબ ઈશ્વરના સ્વરૂપને સાકાર કરી શકે છે. બાહ્ય ક્રિયા વિધિઓથી નહીં પણ અંતરની શક્તિઓથી આ સ્વરૂપની પ્રાપ્તિ થાય છે. પૂજા એ માધ્યમ છે; સાધન છે; સાધ્ય તો પરમ સ્થાને રહેલું એ પરમ સ્વરૂપ જ છે. આમ પૂજામાં પૈસો, સત્તા કે આડંબરને બદલે ભાવ-ભક્તિની દીપમાળાને પ્રગટાવી, તે પુનિત જ્યોતિના અજવાળે આ જીવનપથને ઉજમાળ બનાવવો એટલે પૂજામાં અંતર રેડી, મનને તન્મય બનાવવું. *

(અનુસંધાન પાના નં. ૩નું ચાલુ)

જ્યારે કોઈ આપણને ગાળ આપે છે કે કટુ વચન કહે છે ત્યારે આપણે તેના વિશે જ વિચારવા લાગીએ છીએ. આપણા ધ્યાનનું કેન્દ્ર તે બની જાય છે. એક નાની એવી ગાળ કે કટુ વચન અંદર રમખાણ મચાવી દે છે. આપણે રાતભર ઊંઘી શકતા નથી. આપણને ગાળ આપનારો માણસ નિરાંતે ઊંઘી ગયો હોય છે અને આપણે જાગતા રહીએ છીએ. આપણી સમગ્ર ચેતનાનું કેન્દ્ર તે માણસ બની જાય છે. આ વખતે માણસ આ ધ્યાનને પોતાના તરફ કેન્દ્રીત કરે તો સામો માણસ અને ગાળ બંને ભુલાઈ જાય છે, તેનું કશું મહત્ત્વ રહેતું નથી. આપણે ભીતરમાં ઉતરીએ છીએ ત્યારે એક અનુભવી થઈને બહાર નીકળીએ છીએ. અંદરનો વ્યર્થ ઉત્પાત આપણે જોઈ શકીએ છીએ અને એક નવા માણસ તરીકે આપણે બહાર આવીએ છીએ. આ સ્વયંને જાણવાનો આયાસ એટલે સ્વાધ્યાય.

સ્વાધ્યાય ચોથું અંતરતપ છે. આ પછીના બે અંતરતપો જીવનની ક્રાંતિના આમૂલ પરિવર્તનના છે. એટલે સ્વાધ્યાય આ છેલ્લાં બે અંતરતપોમાં ઉતરવાનું કાઉન્ટડાઉન છે. ભીતરમાં ઉતર્યા વગર જીવનની કોઈ ક્રાંતિ ઘટિત થવાની નથી. અંદર જે વિસ્ફોટ થવો જોઈએ તે થવાનો નથી. તેનો રીમોટ કન્ટ્રોલ અંદર છે. સ્વાધ્યાય દ્વારા જ તેના સુધી પહોંચી શકાય તેમ છે.

*(મુંબઈ સમાચારમાંથી સાભાર)*

**શ્રી જૈન આત્માનંદ સભા દ્વારા પ્રકાશિત**
**'આત્માનંદ પ્રકાશ' રૂપી**
**જ્ઞાન દીપક સદા તેજોમય રહે તેવી હાર્દિક શુભેચ્છાઓ....**

**બી સી એમ કોરપોરેશન**

**(હોલસેલ ફાર્માસ્યુટીકલ ડીસ્ટ્રીબ્યુટર્સ)**
**નં. ૧, કલ્પના સોસાયટી, નવરંગપુરા પોસ્ટ ઓફિસ પાછળ, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૦૯**
**ફોન : ૦૭૯-૬૪૨૭૨૦૦**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# અષ્ટાપદ-કૈલાસ માનસરોવર યાત્રા (૮)

*યાત્રિક : કાન્તિલાલ દીપચંદ શાહ*

## તાકલાકોટથી માનસરોવર :

ગઈ કાલે દર્ગુમ લીપુપાસ પસાર કરીને ચીનની સરહદમાં તાકલાકોટ પહોંચી ગયા હતા. ભારતમાં જેમ ગરબ્યાંગ વેપારી મથક હતું તેમ તાકલાકોટ તથા દારચેન તિબેટના વેપારી મથકો હતા અત્યારે તે જાહોજલાલી રહી નથી. જમ્યા પછી થોડો આરામ કરીને કસ્ટમ તથા પાસપોર્ટ વિધી પતાવી. પછી બે કી. મી. દૂર બજારમાં ગયા. બજાર એટલે ૨૦ થી ૨૨ નાની ઓરડીઓમાં ગોઠવેલો સામાન. યાત્રિકોએ ધાબળા, ઓવરકોટ, થર્મોસ વિગેરેની ખરીદી કરી. નાણાનો વ્યવહાર કેલક્યુલેટરની મદદથી ચાલે. ભાવતાલ પણ થાય. દરેક યાત્રિકે માન સરોવરનું પાણી ભરવા માટે પ્લાસ્ટીકના કેન ખરીદ્યા પાછા આવીને યાત્રિકો કરનાળી નદીએ નાહવા ગયા. મારા જેવાનું તો કામ જ નહિ. નદી એક કી. મી. દૂર, અતિશય ઠંડુ પાણી અને ઉપરથી ઠંડો પવન. જો પુરા કપડા કાઢ્યા તો ઠંડીથી રામ રમી જાય. મારા જેવાએ ગરમ પાણીથી સ્પંજ કરીને શરીર સાફ કર્યું. ઠંડી લાગતી હોવાથી તડકે બેસી યાત્રાની તથા લીપુપાસ પસાર કર્યો તેની ચર્ચા કરતા હતા. બપોરે તો અણગમતું ચાઈનીઝ ખાણું પેટમાં નાખ્યું હતું. સાંજે પણ તેજ વાનગીઓ જેવી કે ચાઈનીઝ સુપ અને તેમાં કડક ભાત. ટીનફુડમાં અનનાસ, સંતરા, મુસંબીના કટકા, ખાટું મિક્સ શાક, આ બધું જોઈને ઉબકા આવવા લાગ્યા. યાત્રિકોએ મન વગરનું ખાધું, રૂમમાં આવીને સાથે લાવેલ નાસ્તો કર્યો. પુરંગ ગેસ્ટ હાઉસમાં ચુસ્ત વ્યવસ્થા સવારે, બપોરે, સાંજે જમવા માટે નિશાળમાં જેમ ઘંટ વાગે તેમ અહિંયા ઘંટ વાગે. જો તે વખતે જમવા ન ગયા તો પાછળથી કશું મળે નહિ રસોડાને તાળા લાગી જાય. બજારમાં ચા કે નાસ્તો ન મળે ફક્ત દારૂ મળે. રાત્રે ઠંડી લાગવાથી તથા થાકેલા હતા જેથી જલદી સૂઈ ગયા.

આજે આખો દિવસ આરામનો હતો સવારમાં ચાઈનીઝ વીઝાના ૫૦૦ ડોલર જમા કરાવ્યા તથા ૧૦૦ ડોલરના સાત રૂપીઆ લેખે ચીની ચલણ યુઆન લીધા, ૫૦૦ ડોલર વીઝા, યાત્રાને સ્થળે લાવવા લઈ જવાના બસના ૧૨ દિવસ રહેવાના અને તાકલાકોટમાં જમવાના. જમવાનું ફક્ત તાકલાકોટમાં જ મળે. યાત્રામાં યાત્રિકોએ જ જમવાની સગવડતા કરવી પડે. રસોઈ માટે કેરોસીન તથા સ્ટવ ચીનની સરકાર તરફથી મળે. દિલ્હીમાં યાત્રાની તૈયારી કરી રહ્યા હતા ત્યારે દરેક યાત્રિક પાસેથી રૂા. ૧૦૦૦ લેવામાં આવ્યા હતા જેમાંથી ચીનમાં પ્રદક્ષિણા વખતે જમવા તથા ચા બનાવવા માટેની ચીજ વસ્તુઓ ખરીદેલ હતી. રસોયો પણ સાથે લીધો હતો.

કૈલાસ માનસરોવર પ્રદક્ષિણા માર્ગમાં આવતા કેમ્પમાં ફક્ત ૨૦ જણા જ રહી શકે તેવી સગવડતા હોવાથી અમારા એ અને બી ગ્રુપ પાડવામાં આવ્યા. એ ગ્રુપ માનસરોવરની તથા બી ગ્રુપ કૈલાસ પર્વતની યાત્રા કરે. ત્યારપછી એ ગ્રુપ કૈલાસ પર્વતની તથા બી ગ્રુપ માનસરોવરની યાત્રા કરે. મેં અમારા લાયઝન ઓફીસર તથા ચીની ગાઈડને વિનંતી કરી કે મારે તો કહેવાતા અષ્ટા-પદની જ યાત્રા કરવી છે. માનસરોવર યાત્રાની જરૂર નથી. જેથી મને કૈલાસ પર્વત પાસે બન્ને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગ્રુપનો લાભ મળે. તેઓ કહેકે રજા આપવામાં આવે તો વ્યવસ્થામાં ગુંચવાડો થાય રજા ન આપી.

દરેક યાત્રિકોમાં ઉત્સાહ તથા થનગનાટ હતો કે વર્ષો, મહિનાઓ તથા દિવસોથી જેની આતુરતા પૂર્વક રાહ જોઈ રહ્યા હતા તે પવિત્ર અષ્ટાપદ કૈલાસ માનસરોવરના દર્શન કરવાની ઈચ્છા હતી. તે આવતી કાલે પુરી થવાની છે. યાત્રાની પુરતી તૈયારી કરી આરામથી સૂઈ ગયા.

આજે અમારા એ ગ્રુપને તાકલાકોટથી ૧૨૦ માઈલ દૂર માનસરોવરની અને બી ગ્રુપને માનસરોવરથી ૨૫ માઈલ દૂર કૈલાસની યાત્રાએ બસમાં બેસીને જવાનું હતું. વહેલી સવારે ચા પાણી તથા તળેલી મગફળી અને જામ જેલીનો નાસ્તો કર્યા પછી હરહર મહાદેવ, ૐ નમઃ શિવાય અને આદેશ્વર ભગવાનની જય બોલાવતા બસમાં બેઠા. અતિશય ઠંડો પવન વાતો હતો. તદ્ઉપરાંત વરસાદ પણ વરસતો હતો. બસ ખાડાટેકરા વાળા રસ્તે ઉછળતી કુદતી રસ્તો કાપી રહી હતી. સવાર થતાં જ સૂર્યનારાયણે આકાશમાં ડોકિયું કર્યું કે આખો પ્રદેશ તેના સોનેરી કિરણોથી ઝગમગી ઉઠ્યો. ઠંડીનું પ્રમાણ ઘટી ગયું હતું આકાશ સ્વચ્છ હતું તાકલાકોટથી ૬૦ માઈલ આવ્યા ત્યારે દૂર દૂર બરફ આચ્છાદિત પર્વતમાળા દેખાણી. આ ગિરિમાળાને ગુર્લામાંધાતા પર્વત કહે છે. માંધાતા નામના એક પરાક્રમી રાજાએ શંકર ભગવાનની સાથે યુદ્ધ કર્યું. પણ યુદ્ધમાં હારી જતા વિનંતી કરી કે મને તમારા સતત દર્શન થાય તેવી જગ્યા આપો. શંકર ભગવાને તેની વિનંતી સ્વીકારી કૈલાસની સામે જ જગ્યા આપી. પુરંગ નામના મેદાનમાંથી પસાર થઈ રહ્યા હતા ત્યારે પુરંગના મેદાનમાં ગામડાના માણસોનો મેળો હતો. જેમાં ઘોડાદોડની હરિફાઈ થતી હોય એમ લાગ્યું બાકી આખે રસ્તે કોઈ માણસ જોવા ન મળે.

આગળ જતાં રાક્ષસ તાલ નામનું સરોવર આવ્યું કહેવાય છે કે રાવણે અહિં બેસીને શંકર ભગવાનનું ધ્યાન ધર્યું હતું. આ સરોવર રાક્ષસને નામે હોવાથી અપવિત્ર માનવામાં આવે છે. રાક્ષસ તાલ માનસરોવરથી ૫૦ ફુટ નીચે હોવાથી માનસરોવરમાંથી ગંગા નદી મારફત પાણી રાક્ષસતાલમાં આવે છે. બસમાંથી નીચે ઉતરીને એક બાજુ રાક્ષસતાલના દર્શન કરતા હતા તેટલામાં જ બીજી બાજુએ વાદળો ખસી જતાં પવિત્ર અષ્ટાપદ કૈલાસના દર્શન થયા. કૈલાસને દૂરથી નિહાળતાં યાત્રિકો ગદગદિત થઈ ગયા અને આંખમાંથી હર્ષના આંસુઓ ટપકવા લાગ્યા. સાષ્ટાંગ દંડવત પ્રણામ કર્યા.

દૂર દૂરથી પહેલી વખત જ આવતા ઉંમર લાયક જૈન યાત્રિકને પવિત્ર શેત્રુંજય પર્વતના દર્શન થાય છે ત્યારે અવર્ણનિય આનંદ થાય છે. પૂર્વના કોઈ અત્યંત પુણ્યના યોગે શેત્રુંજયના પ્રત્યક્ષ દર્શન થતાં ભવ્ય આત્માના હૃદયોર્મી નાચી ઉઠે છે. મુખ પર દિવ્ય ભાવ પ્રગટ થાય છે. શરીરમાં રોમાંચ ખડા થાય છે અને 'અદ્ભુત' એવો શબ્દ મુખમાંથી સહેજ રીતે બોલાઈ જવાય છે. તેવો જ અનુભવ મને અષ્ટાપદ–કૈલાસના દર્શન કરતા થયો હતો.

પવિત્ર કૈલાસના દર્શન કરીને આગળ જતા માનસરોવરના કિનારે પહોંચ્યા. એ ગ્રુપના યાત્રિકોને માનસરોવરના કિનારે ઉતારીને બી ગ્રુપના યાત્રિકોને લઈને બસ કૈલાસ પર્વત તરફ ચાલી નીકળી. આ વર્ષની અષ્ટાપદ કૈલાસ માનસરોવર યાત્રા મે મહિનાની ૨૯ મીથી શરૂ થશે અને સપ્ટેમ્બરની ૧૫ મીએ પુરી થશે. આ યાત્રામાં ૧૬ બેંચ પાડેલ છે એક એક બેંચમાં ૪૦ યાત્રિકોનો સમાવેશ કરવામાં આવેલ છે. એટલે લગભગ ૬૦૦ યાત્રિકો આ વર્ષે પવિત્ર યાત્રાનો લાભ લેશે. (ક્રમશઃ)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મેસર્સ ચીમનલાલ મુળચંદ શાહ

દરેક જાતના ઉચ્ચ ક્વોલીટીના અનાજ
તથા કઠોળના વેપારી

દાણાપીઠ, ભાવનગર.
ફોન : ૨૪૨૮૯૯૭-૨૫૧૭૮૫૪

રોહિતભાઈ સુનીલભાઈ
ઘર : ૨૨૦૧૪૭૦ ઘર : ૨૨૦૦૪૨૬

પરેશભાઈ
ઘર : ૨૫૧૬૬૩૯

આત્માનંદ પ્રકાશના હીરક વર્ષ નિમિત્તે
હાર્દિક શુભેચ્છાઓ સાથે

મહાગુજરાત સિલ્ક સિલેક્શન

(પરંપરામાં ૪૭ વર્ષ)

નોબલ્સ, નેહરૂબ્રીજ સામે, આશ્રમ રોડ,
અમદાવાદ-૩૮૦ ૦૦૯.
ફોન : ૬૫૮૯૯૬૧૦, ૬૫૮૫૧૪૬

એમ. જી. સિલ્વર જ્વેલર્સ

(કલાત્મક સિલ્વર જ્વેલર્સ માટે)

બી-૮, નેહરૂબ્રીજ સામે, આશ્રમ રોડ,
અમદાવાદ-૩૮૦ ૦૦૯.

શાહ મનસુખલાલ કુંવરજી
(ટાણાવાળા પરિવાર) ફોન : ૬૫૮૯૪૧૦

શ્રી ભાવનગર નાગરિક સહકારી બેંક લિ.

હેડ ઓફિસ : ૧૪, ગંગાજળીયા તળાવ, ભાવનગર ફોન : ૨૪૨૯૦૭૦, ૨૪૩૦૧૯૫

: શાખાઓ :

ફોન : કૃષ્ણનગર—૨૪૩૯૭૮૨, વડવા પાનવાડી—૨૪૨૫૦૭૧, રૂપાણી-સરદારનગર-૨૫૬૫૯૬૦,
ભાવનગરપરા-૨૪૪૫૭૯૬, રામમંત્રમંદિર-૨૫૬૩૮૩૨, ઘોઘારોડ-૨૫૬૪૩૩૦, શિશુવિહાર-૨૪૩૨૬૧૪

સલામત રોકાણ આકર્ષક વ્યાજ

| ડીપોઝીટ | વ્યાજનો દર | ડીપોઝીટ | વ્યાજનો દર |
|---|---|---|---|
| ૩૦ દિવસથી ૯૦ દિવસ સુધી | ૬.૦ ટકા | ૧ વર્ષથી ૩ વર્ષ સુધી | ૮.૦ ટકા |
| ૯૧ દિવસથી ૧૮૦ દિવસ સુધી | ૬.૫ ટકા | ૩ વર્ષ કે તે ઉપરાંત | ૮.૫ ટકા |
| ૧૮૧ દિવસથી ૧ વર્ષની અંદર | ૭.૦ ટકા | | |

૯૯ માસે રૂા. ૧૦૦૦/-ના રૂા. ૨૦૦૨/- મળશે.
સીનીયર સીટીઝનને F.D. ઉપર ૧ ટકો વધુ વ્યાજ આપવામાં આવે છે.

વધુ વિગત માટે હેડ-ઓફિસ તથા નજીકની શાખાનો સંપર્ક સાધવો.

મનહરભાઈ એચ. વ્યાસ — જનરલ મેનેજર
વેણીલાલ એમ. પારેખ — મેનેજીંગ ડિરેક્ટર
નિરંજનભાઈ ડી. દવે — ચેરમેન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રી ચંડરુદ્રાચાર્ય અને શ્રી શય્યંભવાચાર્ય

ડૉ. કુમારપાળ દેસાઈ

## શ્રી ચંડરુદ્રાચાર્ય

સાંજના સમયે મોજ-મસ્તી કરવા નીકળેલા જુવાનીયાઓ મુનિ ચંડરુદ્રાચાર્યના ઉપાશ્રયે આવી પહોંચ્યા. આ ઉપાશ્રયમાં વૃદ્ધ અને ક્રોધી શ્રી ચંડરુદ્રાચાર્ય બિરાજમાન હતા. તોફાને ચડેલા જુવાનિયાઓને આ વયોવૃદ્ધ સાધુની ટીખળ કરવાનું સૂઝ્યું. આ મસ્તીખોર જુવાનિયાઓમાં એક જુવાન મીંઢળબંધો હતો. એનાં લગ્ન લેવાઈ ચૂક્યાં હતાં. બીજા યુવાનો આ મીંઢળબંધા યુવાનને આગળ કરીને વૃદ્ધ મહારાજની મજાક કરતાં બોલ્યા, ''મહારાજ, આને ઉગારો. બિચારાને પરણવાની લેશમાત્ર ઈચ્છા નથી છતાં પરાણે લગ્ન કરાવવામાં આવે છે. આપ તો દયાવાન છો. જો આપ એના પર કરુણા કરીને એને દીક્ષા આપો, તો એનાં સઘળાં દુ:ખોનો અંત આવશે. આપનો મોટો ઉપકાર થશે.''

પહેલાં તો વૃદ્ધ મહારાજે આ યુવાનોની ટીખળ તરફ લક્ષ્ય ન આપ્યું, પણ તેથી યુવાનોને વધુ જોશ ચડ્યું. એમણે ફરી પેલા મીંઢળબંધા જુવાનને સંસારથી છુટકારો આપવા વિનંતી કરી. શ્રી ચંડરુદ્રાચાર્ય પ્રકૃતિએ અત્યંત ક્રોધી હોવાથી એ ચંડરુદ્રાચાર્યને નામે જાણીતા હતા. યુવાનોની અતિશય ટીખળને કારણે વૃદ્ધ મુનિરાજે ક્રોધિત થઈને પેલા મીંઢળબંધા યુવાનને કહ્યું, ''ખેર, તારે દીક્ષા લેવી છે ને ? તો તને દીક્ષા આપું છું, પછી કેટલી વીસે સો થાય એની તનેય ખબર પડશે.'' મીંઢળબંધો યુવાન તો હજી ટીખળી મિજાજમાં હતો. એણે વૃદ્ધ મુનિરાજને કહ્યું, ''હા મહારાજ, મને દીક્ષા આપો. મારે કોઈ પણ ભોગે આ સંસારનો માર્ગ ત્યજીને સંયમનો માર્ગ ગ્રહણ કરવો છે.''

શ્રી ચંડરુદ્રાચાર્યનો ગુસ્સો બહાર ઊછળી આવ્યો. એમણે તો પેલા યુવાનને પકડીને એના વાળ ઝાલી બરાબર લોચ કરવા માંડ્યો. આ દૃશ્ય જોઈને બીજા ટીખળી યુવાનો તો ભાગ્યા; જ્યારે પેલો મીંઢળબંધો યુવાન એક તસુ પાછો હઠ્યો નહીં. એણે શ્રી ચંડરુદ્રાચાર્યને વિનંતી કરી, ''મહારાજ, મારાં સગાંઓ હમણાં આવી પહોંચશે. તેઓ આવે તે પહેલાં આપણે વિહાર કરીને અહીંથી નીકળી જઈએ.''

શ્રી ચંડરુદ્રાચાર્યએ તો વૃદ્ધાવસ્થાને કારણે ગચ્છની સઘળી જવાબદારી ક્યારનીય શિષ્યને સોંપી દીધી હતી. તેઓએ માત્ર આત્મસાધના કરવાની સ્થિતિ સ્વીકારી હતી. આવા મુનિરાજને વિહાર કરાવવો કઈ રીતે?

વૃદ્ધ મુનિરાજને ખભે બેસાડીને યુવાન શિષ્ય ચાલવા લાગ્યો. રસ્તો અતિ દુર્ગમ અને ખાડા-ટેકરા તથા કાંટાથી ભરેલો હતો. શિષ્યનો પગ સહેજ લથડે અને ધક્કો વાગે એટલે તરત ગુરુનો ગુસ્સો ફાટી પડે. શિષ્યના પગ લોહીલુહાણ થઈ ગયા. ગુરુ એના ખભા પર બેઠા બેઠા સતત ઠપકો આપતા હતા. એવામાં ખાડો આવતાં શિષ્યનો પગ લથડ્યો અને ખભા પર બેઠેલા ગુરુ ડગમગી ગયા. બસ! આવી બન્યું. ગુરુના ક્રોધનો જવાળામુખી ફાટતાં એમણે શિષ્યના માથા પર જોરથી દંડ ફટકાર્યો. આવી કપરી દશા થઈ હતી, છતાં શિષ્ય તો વિચારે કે પોતાના કારણે ગુરુને કેટલો બધો શ્રમ અને પરેશાની ભોગવવાં પડે છે! આવા પશ્ચાત્તાપથી શિષ્યની પરિણતિ વિશુદ્ધ બની જતાં એને કેવળજ્ઞાન થયું. ગુરુએ કહ્યું કે, ''પહેલાં બરાબર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચાલતો ન હતો અને હવે કેમ બરાબર ચાલવા લાગ્યો? આટલા અંધારામાં તને કઈ રીતે બધું બરાબર દેખાય છે?''

શિષ્યએ કહ્યું, ''જ્ઞાનબળે પ્રભુ.'' આ સાંભળતાં જ ગુરુ શિષ્યના ખભા પરથી નીચે ઊતરી ગયા. કેવળજ્ઞાન પામેલા શિષ્યને પગે પડી ક્ષમાયાચના કરી. પશ્ચાત્તાપમાં ડૂબી ગયેલા ગુરુને એ પળે કેવળજ્ઞાન લાધી ગયું.

ગુરુસેવાની અનોખી ભાવના પ્રગટ થાય છે શ્રી ચંડરુદ્રાચાર્યના ચરિત્રમાં. અપાર કષ્ટો આવે, અનેક યાતના સહેવી પડે, પરંતુ ગુરુભક્તિ કેવી હોય તેનું માર્મિક દર્શન ચંડરુદ્રાચાર્યના શિષ્યની અગ્નિપરીક્ષામાં જોવા મળે છે. બીજુ પોતાની ક્ષતિનો ખ્યાલ આવતાં જ ગુરુ ચંડરુદ્રાચાર્યનો વિનય પ્રગટ થાય છે. પશ્ચાત્તાપની પાવન ગંગાથી તેઓ પવિત્ર બને છે અને ખુદ પોતાના શિષ્ય પાસે વિનીતભાવે ક્ષમાયાચના કરે છે.

## શ્રી શય્યંભવાચાર્ય

ભગવાન મહાવીરના સાધુ સંઘની પાટે બિરાજેલા ચરમકેવલી જંબુસ્વામીના મહાન શિષ્ય શ્રી પ્રભવસ્વામીને વયોવૃદ્ધ થતાં ચિત્તમાં ચિંતા જાગી કે એમના પછી આચાર્યપદની જવાબદારી કોને સોંપવી? ખુદ આચાર્યશ્રી પ્રભવસ્વામી ૯૪મા વર્ષે આચાર્યપદે બિરાજયા હતા એટલે શ્રી સંઘનો કાર્યભાર વહન કરી શકે એવી યોગ્ય વ્યક્તિનો વિચાર કરતાં એમની દૃષ્ટિ રાજગૃહીના યજ્ઞનિષ્ઠ બ્રાહ્મણ વિદ્વાન શય્યંભવ ભટ્ટ પર ઠરી. પાયાનો પ્રશ્ન એ હતો કે એમને જૈન ધર્મ પ્રત્યે અભિમુખ કરવા કઈ રીતે?

આ સમયે શય્યંભવ ભટ્ટ રાજગૃહી નગરીમાં પશુમેઘ યજ્ઞ કરાવતા હતા. આચાર્ય પ્રભવસ્વામીએ પોતાના બે મુનિઓને એમની પાસે મોકલ્યા. યજ્ઞમંડપમાં ચાલતી ઘોર હિંસામાં ડૂબેલા શય્યંભવના કાને પડે તે રીતે બે મુનિઓએ કહ્યું, ''ધર્મના નામે ચાલતી આવી ક્રૂર હિંસામાં વળી તત્ત્વની કોને ગતાગમ છે?''

મુનિઓનાં આ વચનોથી ચોંકી ઊઠેલા શય્યંભવ વિચારમાં પડ્યા. તેઓ વાકેફ હતા કે જૈન મુનિ કદી અસત્ય વચન ઉચ્ચારે નહીં. પરિણામે વિદ્વાન અને સાચા જિજ્ઞાસુ શય્યંભવ પેલા બે સાધુની શોધમાં નીકળ્યા. તપાસ કરતા તેઓ આચાર્ય પ્રભવસ્વામી પાસે આવ્યા, જેમણે શય્યંભવને યજ્ઞનું યથાર્થ સ્વરૂપ અને આધ્યાત્મિક ભૂમિકા પર દર્શનનું તત્ત્વ સમજાવ્યું. પરિણામે શય્યંભવ યજ્ઞ, ઘરગૃહસ્થી અને ગર્ભવતી પત્ની-સઘળું છોડીને અઠ્ઠાવીસ વર્ષની વયે સાધુ બની ગયા. પ્રભવસ્વામી પાસે એમણે અનુક્રમે ચૌદ પૂર્વનું જ્ઞાન પ્રાપ્ત કર્યું અને શ્રુતધરની પરંપરામાં બીજા શ્રુતકેવલી બન્યા. આચાર્ય પ્રભવસ્વામીએ શ્રુતસંપન્ન આર્ય શય્યંભવને વીરનિર્વાણ સં. ૭૫માં આચાર્યપદે સ્થાપ્યા.

શય્યંભવની ગર્ભવતી પત્નીની કૂખે જન્મેલો બાળક મનક આઠ વર્ષનો થયો, ત્યારે સહાધ્યાયીઓના ઉપહાસને કારણે પોતાના પિતાને મળવાની તીવ્ર ઇચ્છા જાગી. મનકે પોતાની માતા પાસે પિતા વિશે જાણકારી માગી, તો માતાએ એના વિદ્વાન પિતા શય્યંભવ જૈન મુનિ બન્યા ત્યાં સુધીનો સઘળો વૃત્તાંત વર્ણવ્યો. મનકને પિતાનાં દર્શન કરવાની ઇચ્છા થઈ. આચાર્ય શય્યંભવસૂરિએ એને જોતાં જ જાણી-ઓળખી લીધો. ઓળખાણ નહીં પામેલા બાળકે પૂછ્યું, ''મારા પિતા શય્યંભવ મુનિ ક્યાં છે, તેની તમને ખબર છે?'' ત્યારે પોતે મુનિ શય્યંભવના અભિન્ન મિત્ર છે એમ કહીને બાળકને પોતાની સાથે રાખ્યો. એમના ઉપદેશથી


For Private And Personal Use Only

પ્રભાવિત થયેલા મનકે દીક્ષા ગ્રહણ કરી, કિંતુ આચાર્ય શય્યંભવે જોયું કે એનું આયુષ્ય તો માત્ર છ મહિના જેટલું અતિ અલ્પ છે. પરિણામે સર્વ શાસ્ત્રોનું અધ્યયન એને માટે શક્ય નહોતું. આથી આત્મપ્રવાદ આદિ પૂર્વોમાંથી દશવૈકાલિક સૂત્રોનું સંકલન કરી એને એનો અભ્યાસ કરાવ્યો. આ 'દશવૈકાલિક સૂત્ર'ની રચનાનો સમય વીરસંવત ૮૨ની આસપાસનો છે. આ રચના દ્વારા આચાર્ય શય્યંભવે મુનિ બનેલા સંતાનનું કલ્યાણ કર્યું. આજે પણ એ 'દશવૈકાલિક સૂત્ર'ની રચના સાધુઓના પ્રારંભિક અભ્યાસના રૂપમાં જૈન સમાજના સર્વ સંપ્રદાયોમાં માન્ય છે.

આચાર્ય શય્યંભવસૂરિ ત્રેવીસ વર્ષ સુધી યુગપ્રધાનપદ પર અધિષ્ઠિત રહ્યા. બાસઠ વર્ષની ઉંમરે તેઓ કાળધર્મ પામ્યા. આર્ય પ્રભવસ્વામીના સ્વર્ગવાસ પછી શ્રુતધર શ્રી શય્યંભવસૂરિએ શાસનની ધુરા સંભાળીને વીતરાગ શાસનની ઘણી સેવા કરી હતી તેમ જ 'શ્રી દશવૈકાલિક સૂત્ર'ના દસ અધ્યયનોનો ઉદ્ધાર કર્યો.

આચાર્ય શ્રી શય્યંભવસૂરિએ વીતરાગ શાસનની ઘણી પ્રભાવના કરી. તેઓને પૂર્વ-જીવનમાં બ્રાહ્મણ સમાજનો અનુભવ હતો. એમણે જોયું કે આ સમાજના યજ્ઞોમાં પશુહિંસા થતી હતી. નિર્દોષ અને અબોલ પ્રાણીઓનો બલિ ચડાવવામાં આવતો હતો. આચાર્ય શ્રી શય્યંભવસૂરિએ સહુને યજ્ઞનું આધ્યાત્મિક સ્વરૂપ સમજાવ્યું. બ્રાહ્મણમતમાં માનનારા અનેકને જૈન ધર્મને અનુકૂળ બનાવ્યા.

* * *




શ્રી આત્માનંદ સભા
દ્વારા પ્રકાશિત
"શ્રી આત્માનંદ પ્રકાશ"
રૂપી
જ્ઞાન દીપક
સદા
તેજોમય રહે
તેવી
હાર્દિક
શુભેચ્છાઓ....

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# પૂ. પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી મ.સા.ના પ્રવચનો

(સં. ૨૦૧૮ પો. સુ. ૨ સોમવાર સ્થળ : પોળની શેરી, પાટણ)

## (વ્યાખ્યાન : ૧)

*પોષ સુદ ૨, સોમવાર, પોળની શેરી, પાટણ*

**मंगलं भगवान् वीरो, मंगलं गौतमप्रभु।**
**मंगलं स्थूलिभद्राद्या, जैनधर्मोऽस्तु मंगलं ॥**

શ્રી ભગવાન મહાવીર, ગૌતમસ્વામી, સ્થૂલભદ્ર આદિ મુનિવરો તથા જૈન ધર્મ - એ ચાર જિનશાસનમાં સદાકાળ મંગળરૂપે છે.

જિનશાસન સદાકાળ શાશ્વત છે. ત્રણે કાળના અરિહંતો મંગળ છે. ધર્મના આદ્ય ઉપદેશક અરિહંત પરમાત્મા છે. તેઓ જન્મથી જ જ્ઞાની હોય છે. સામાન્ય મનુષ્યોને જ્ઞાન હોય છે માત્ર ખાવાનું, રમવાનું, પણ તેનું ફળ કાંઈ નથી. ખાવું એ ધર્મ નથી પણ તપ કરવો એ ધર્મ છે. ક્રોધાદિ સંજ્ઞાઓ સહજ છે. પણ તે ધર્મ નથી. ધર્મ તો ક્ષમાદિ કહેવાય. એ ધર્મ અરિહંતોમાં હોય છે.

જેમ સૂર્ય વિના અંધકાર દૂર ન થાય તેમ અજ્ઞાનરૂપી અંધકારને નાશ કરનાર ભગવાન છે. તેઓ લોકોત્તર સૂર્ય છે. જે અંધકાર સૂર્યથી દૂર ન થાય તે ભગવાનથી દૂર થાય છે. દ્રવ્ય સૂર્ય તો બાહ્ય અંધકારનો નાશ કરે છે. ભગવાનરૂપી સૂર્ય આંતરિક અંધકાર દૂર કરે છે. સૂર્ય સમાન કોઈ બાહ્ય દ્રવ્ય નથી. તેમ ભગવાન જેવો કોઈ આંતરિક પ્રકાશ નથી. સૂર્ય ફ્રી ઓફ ચાર્જ પ્રકાશ આપે છે. એ સૂર્યનો જગત ઉપર ઉપકાર છે. તેમ અરિહંતનું દ્રવ્ય પણ જગત ઉપર ઉપકારક છે.

અરિહંતો ચાર પ્રકારે ઉપકાર કરે છે. નામથી, દર્શન (સ્થાપના)થી, એમની કથા શ્રવણ (દ્રવ્ય)થી અને એમના ભાવથી... એમનો કેટલો ઉપકાર છે તે તો આપણને જ્ઞાન થશે ત્યારે જ ખબર પડશે. જેમ સૂતેલા મનુષ્યના ગળામાં કોઈ હીરાનો હાર પહેરાવે તો તેનો આનંદ તેને જાગ્યા પછી જ અનુભવમાં આવે, ઊંઘમાં નહિ.

ભગવાનનું નામ સ્મરણાદિ જીવ માટે હીરાના હાર કરતાં પણ અધિક છે. પ્રભુના નામાદિ આજે આપણને મળ્યા છે તે આળસુને મળેલી ગંગા સમાન છે. પૂર્વ પુરુષોના પુરુષાર્થથી આજે આપણને ઉત્તમ સામગ્રી મળી છે. ભગવાનના નામ સ્મરણ માત્રથી બધા પાપ નાશ પામે છે.

પાપ-પુણ્યને જોઈ શકાતું નથી. પણ અનુભવી શકાય છે. ઉઠતાંની સાથે પુન્યશાળીનું નામ લઈ જુઓ. પુન્યનો પ્રભાવ છે કે નહિ તેનો અનુભવ થશે.

ખરાબ કોણ? કૃપણ... કારણ કે તે પોતા સિવાય કોઈના પણ સુખનો વિચાર કરતો નથી... સારામાં સારો કોણ? જે બીજાને આપે તે, પોતાના સુખમાં બીજાને ભાગીદાર બનાવે તે.. શ્રી ગૌતમસ્વામી પોતા પાસે હતું તે બીજાને સંકોચ વિના આપતા હતા માટે તેમનું નામ મહા-મંગળરૂપ છે.

ભાવમાં એક શક્તિ છે. સૌનું ભલું ચાહવું એ ઉત્તમ ભાવ છે. તીર્થંકર પદનું બીજ સૌના ભલાઈની ભાવનામાં છે. માનવજન્મમાં મળેલ સૂક્ષ્મ બુદ્ધિનું ફળ બીજાનું ભલું ચાહવું તે છે.

માનવીનું શરીર અમૂલ્ય છે. એ શરીર દ્વારા જ ઉત્તમ ભાવના અને ઉત્તમ આરાધના થઈ શકે છે. શુભ ભાવપૂર્વકના એક શ્વાસથી ૨,૪૫,૦૦૦ પલ્યોપમથી અધિક દેવાયું બંધાય છે. નવકારમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આઠ શ્વાસોશ્વાસ છે. બે ઘડીના સામાયિકથી ૯૨ ક્રોડ પલ્યોપમનું દેવાયુ બંધાય છે. આપણે રોજનાં ૨૧૬૦૦ શ્વાસોચ્છ્વાસ લઈએ છીએ. આખું જીવન નમસ્કાર સ્મરણમાં પસાર થાય તો કેટલી કમાણી? તેનો કોઈ પાર નહીં. કિંમતી વસ્તુની કિંમત આંકવી જોઈએ.

સોનું કિંમતી શાથી? સોનાનું દ્રવ્ય ઊંચું છે. પીળું - ચીકણું અને ભારે છે. દ્રવ્ય ઉત્તમ અને ભાવ વધુ છે. માટે કિંમતી છે. તીર્થંકરોનું દ્રવ્ય ઉત્તમ છે. તેનું કારણ એમનો ભાવ ઉત્તમ છે... તીર્થંકરો ત્રણ-ત્રણ ભવથી 'સવિ જીવ કરૂં શાસનરસી' આ ભાવના ભાવે છે.

ચતુર્વિધ સંઘ તીર્થંકર સ્વરૂપ છે. કારણકે પ્રભુનો સંઘ વિશ્વમૈત્રીથી ભાવિત છે. 'ખામેમિ સવ્વ જીવે' રોજ બોલાય છે. તીર્થંકરોને એ ભાવ ઉત્કટ આવે છે. એમનું સ્મરણ કરવા માત્રથી આપણને મંગળની પ્રાપ્તિ થાય છે. મંગળથી અનિષ્ટનું નિવારણ થાય છે. અને ઈષ્ટની પ્રાપ્તિ થાય છે.

મનુષ્યનું જીવન વિઘ્નોથી ભરપૂર છે. જીવનમાં જેને વિઘ્ન ન જ આવે તે મનુષ્ય નહિં પણ દેવ ગણાય. વિઘ્નોના નાશનો ઉપાય પ્રભુના નામરૂપી મંગળ છે. બીજું મંગળ ગણધર ભગવાન છે. ગણધર વિના તીર્થ ઉત્પન્ન ન થાય અને તીર્થંકર વિના ગણધરોને પણ ક્ષયોપશમ થતો નથી. ત્રીજું મંગળ સાધુ મહાત્માઓ છે. ચોથું મંગળ ધર્મ છે.

ધર્મ એ મૂડી છે. તેનાથી બધું જ ખરીદી શકાય છે. માનવ ભવ પણ ધર્મથી જ મળે છે. દીર્ઘાયુષ્ય, ધર્મબુદ્ધિ, દેવ-ગુરુ-ધર્મની સામગ્રી બધું જ ધર્મથી મળે છે. ધર્મથી ધન મળે છે. દશ પ્રાણ મળે છે. દેવલોક અને મોક્ષ પણ ધર્મથી જ મળે છે. તેથી ધર્મની કિંમત સૌથી અધિક છે. એવો ઉત્તમ ધર્મ આપણને મળ્યો છે માટે પ્રતિદિન ધર્મનું શ્રવણ કરવું જોઈએ...

*—પંન્યાસજી મહારાજના પ્રવચનોમાંથી*

❀ ❀ ❀ ❀

## * સાચી સાધના *

સાપ પવન ખાઈને પેટ ભરે છે, પશુ ઘાસ ખાય છે ને પૃથ્વી પર પથારી કરે છે; તેમ તું પવનનું પ્રાશન કરીને પેટ ભરે, પૃથ્વી પર પથારી કરે, ને ઔષધિનો આહાર કરે, તો પણ શું? વિવેક ને પ્રેમ ના પ્રગટે ને બંધનમાંથી મુક્તિ ના મળે, તો તે શું કામનું?

માછલી જળમાં જ જન્મે છે ને મરે છે, ને રણ રેતીથી રંગાઈને ઊઘાડાં રહે છે; તેમ તું નદીમાં ન્હાયા કરે, શરીરે રાખ ચોળે ને તદ્દન નવસ્ત્રો ફરે તો પણ શું? સમજ ને શાંતિ ના પ્રગટે ને વાસના, વિકાર ને અહંકાર ના શમે, તો તે શું કામનું?

પશુ ઊભાં ઊભાં ખાય છે, તેમ તું કરપાત્રી થઈને ઊભો ઊભો ખાવા માંડે, ને કેટલાક હિંસક જીવો જંગલમાં એકલા ફર્યા કરે છે તેમ વનમાં એકલો જ વિહાર કરે તો પણ શું? સુમનની જેમ તારામાં સાત્વિકતા, શીલ ને સંયમની સુવાસ ના પ્રગટે ને મમતા ને મદ ના મરે તો તે શું કામનું?

તને કેમ કરીને સમજાવું કે શાંતિ એ સાધનાનો પ્રાણ ને પ્રેમ તેનું ફાલેલું ફૂલ છે! પૂર્ણતાની અવસ્થાનું અમૃતફળ તારી સાધનામાંથી ના પ્રગટે, ત્યાં સુધી તારું દળદર કયાંથી ટળે, ને જીવનની જડતા કયાંથી મરે?

*(ફૂલવાડી પુસ્તકમાંથી સાભાર)*

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ❋ નિર્મળ દૃઢ સમકિત ગુણવતી મહાસતી સુલસા ❋

પૂ. આ. શ્રી વિજયભુવનભાનુસૂરિજી મ.સા.ના શિષ્ય પં. શ્રી ગુણસુંદરવિજયજી

(ગતાંકથી ચાલુ)

આ બાજુ ચંપાનગરીમાં વીતરાગ, સર્વજ્ઞ શ્રી મહાવીરદેવનું સમવસરણ રચાયું. ત્યાં જેણે પૂર્વે શ્રાવકપણું સ્વીકારેલું તે અંબડ પરિવ્રાજક આવ્યો. ગેરુથી રંગેલા વસ્ત્રવાળો બ્રહ્મચારી, છત્રધારણ કરનારો, આકાશગામિની વગેરે ઘણી વિદ્યાનો વિશારદ, અનેક લબ્ધિ સંપન્ન સર્વજ્ઞની આજ્ઞા પ્રરૂપણા કરનાર એણે ભગવાનની ખૂબ સુંદર સ્તુતિ કરી, પ્રભુની દેશના સાંભળી.

રાજગૃહી નગરી તરફ જતાં એને સર્વજ્ઞ-સર્વદર્શી ભગવાનશ્રી મહાવીરદેવે જણાવ્યું, ''હે અંબડ! તું રાજગૃહી જનાર છે તો ત્યાં રહેલી સુલસા શ્રાવિકાને અમારા વચનથી 'ધર્મલાભ' આશીર્વાદ આપજે'' અંબડે ભગવાનનું વચન પ્રમાણ કર્યું.

''સુરાસુરની સભામાં દેવેન્દ્રપૂજિત અરિહંતદેવ જેણીના નામોચ્ચાર કરે છે એ સુલસાએ જાઉં છું, જયારે પણ કામ પડે મારૂં સ્મરણ કરજો''

ખરૂં જ છે, ''દેવ-ગુરુ આદિ પૂજયોની પૂજા પૂર્વક આરંભ કરાયેલા કાર્યો જલ્દીથી ફળદાયી બને છે.'' ત્યાર બાદ સુલસા જિનેન્દ્ર ભક્તિ કરી વિષય સુખ ભોગવતી રહી. ''મારે બત્રીશ પુત્રોનું શું કામ છે? બત્રીશ લક્ષણવાળો, ગુણવાન, પરાક્રમી, સ્વજનપ્રેમી એક જ પુત્ર બસ છે'' આવું વિચારી એણીએ દૈવી ગૂટિકા ક્રમશઃ એક એક ખાવાને બદલે બધી જ (બત્રીશે બત્રીશ) એક્કી સાથે ખાઈ લીધી. ગૂટિકાના પ્રભાવથી એણીના પેટમાં બત્રીશ ગર્ભ રહ્યા. એક્કી સાથે બત્રીશ પુત્રોના ગર્ભ પેટમાં વૃદ્ધિ પામતા ગયા અને સુલસાની વેદનાએ માઝા મૂકી. એણીએ હરિણૈગમેષી દેવને ઉદ્દેશીને કાઉસ્સગ્ગ કર્યો. દેવ હાજર થયો. એને બધી વિગત બતાવવામાં આવી ત્યારે એ દેવ કહે, ''હે કુલીના! હે મુગ્ધા! તેં આ કાર્ય બરાબર નથી કર્યું. ખેર! જે થવાનું હતું તે થયું. તને હવે એક્કી સાથે બત્રીશ પુત્રો થશે, અને એ બધા જ એક સરખા આયુષ્યવાળા થશે'' સુલસાની ઉદર પીડા દૂર કરી દેવ સ્વસ્થાને પાછો ગયો.

યોગ્ય સમયે વૈમાનિક દેવો જેવા તેજસ્વી બત્રીશ પુત્રોને સુલસાએ એક્કી સાથે સમાધિપૂર્વક જન્મ આપ્યો. અનુક્રમે યૌવન પામેલા તેઓ બધી જ કળાઓના સ્વામી બન્યા. માતા-પિતાએ એમને એક એક ને એક એક સુંદર રૂપ-ગુણવાન કન્યા પરણાવી. એમની સાથે આ બત્રીશ યુવાનો દોગુંદક દેવોની જેમ ભોગની મસ્તીમાં કાળ પસાર કરતા હતા. નાગસારથીનું કુટુંબ આ રીતે આનંદ-મંગળ પૂર્વક દિવસો પસાર કરતું હતું આ બત્રીશે યુવાનો શ્રેણિકરાજાના મિત્રો બની ગયા હતા. ભગવાનને એવા તે કેવા પોતાના ગુણોથી આવર્જિત કરી દીધા હશે?'' એ વિચારથી એણીની પરિક્ષા કરવાના ભાવથી બુદ્ધિમાન અંબડે રૂપપરાવર્તન કરી, પોતાનું પાત્રપણું જણાવી તેણીની પાસે ભોજનની માગણી કરી. સુલસા તેને અનુકમ્પાપાત્ર સમજી આપવા લાગી તો અંબડ બોલ્યો, ''મારા પગોનું પ્રક્ષાલન કરી મને આદરપૂર્વક ભોજન આપ'' પણ પ્રગટ પરિવ્રાજક-વેશધારી એવા તેને સત્પાત્ર સમજી સુલસા શેની આપે? સુલસાએ એ રીતે ભોજન ન જ આપ્યું.

વીલખો પડેલો અંબડ નગરની બહાર નીકળ્યો. સુલસાના સમ્યગ્ દર્શનની અધિક પરીક્ષા માટે અંબડ રાજગૃહી નગરીના પૂર્વદિશાના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દરવાજે બ્રહ્માનું રૂપ ધારણ કરી એક દિવસ રહ્યો, એમ એક દિવસ દક્ષિણ દિશાના દરવાજે વિષ્ણુનું રૂપ ધારણ કર્યું, એક દિવસ પશ્ચિમ દરવાજે મહેશ્વરનું રૂપ ધારણ કર્યું, એક દિવસ આઠ પ્રાતિહાર્ય યુક્ત પચ્ચીસમાં તીર્થંકરનું રૂપ પ્રગટ કર્યું. ગતાનુગતિક બધા જ લોકો એક યા બીજા પ્રયોજનથી આ ચારે રૂપ પાસે વંદન-દર્શન આદિ માટે આવ્યા પણ તત્ત્વ અતત્ત્વની સુજાણ સુલસા આ બધું જોવા–જાણવા ન ગઈ તે ન જ ગઈ. એનું પ્રચંડ સમ્યગ્દર્શન એને ત્યાં જવા દે જ શી રીતે?

સમવસરણમાં સર્વજ્ઞ ભગવંત શ્રી મહાવીર-દેવે સુલસાના દૃઢ સમ્યગ્દર્શનની જે પ્રશંસા કરી હતી તે ખરેખર ખૂબ જ યોગ્ય હતી. ''ખરે જ! સુલસાના નિશ્ચય સમ્યગ્દર્શનના નિર્મળ દર્શન કરાવી ભગવાનશ્રી મહાવીરદેવે મારા ઉપર સમ્યગ્દર્શનની સ્થિરતા નિશ્ચળતા લાવવા જ પ્રભુએ આવું કર્યું હતું. ધન્ય દેવાધિદેવ!'' અંબડનું મન અધિક ગુણપ્રાપ્તિથી નાચી ઉઠ્યું.

–સતત ચાર-ચાર દિવસ સુધી સુલસાના સમ્યગ્દર્શનને ચલાયમાન કરવામાં નિષ્ફળ ગયેલ અંબડે પરિવ્રાજકનો વેશ ત્યાગ કરી નિર્મળ શ્રાવકપણું સ્વીકારી, શ્રાવક ઉચિત પૂજાનો વેશ પહેર્યો. માયારહિત બની એ સુલસાના ગૃહમાં રહેલ જિનમંદિરમાં જિનેન્દ્ર પૂજા કરવા ગયો. અતિથિ સત્કાર લાલસાવાળી સુલસા સાધર્મિક બંધુ અંબડની સુંદર વચનો પૂર્વક ખૂબ સુંદર સેવા કરી. માતા જેમ પુત્રના પગ ધૂએ તેમ તેણીએ, દાસીઓનો તેમ કરવા આગ્રહ છતાં, જાતે જ અંબડના પગોનું પ્રક્ષાલન કર્યું. સુલસાની સાધર્મિક ભક્તિથી અધિક ભાવિત બનેલ અંબડે સુલસાના જૈનધર્મમાં અતૂટ શ્રદ્ધા-વિવેક-અદ્ભૂત સતીત્વ વગેરે સદ્ભૂત ગુણોના ભરપેટ વખાણ કર્યા અને પછીથી ઉમેર્યું, ''ધર્મ ભગિની સુલસા! ચોવીશમાં જિનપતિ વર્ધમાનસ્વામી-મહાવીરસ્વામીએ દેવેન્દ્ર-દાનવેન્દ્ર અને નરેન્દ્રની સભામાં તારી પ્રશંસા કરી છે અને મારા મુખ દ્વારા તને 'ધર્મલાભ!' આશીષ પાઠવ્યા છે.''

મેઘ ગર્જનાના શ્રવણથી વનની મોરલી નાચી ઊઠે, ઝૂમી ઊઠે તેમ સુલસા આ શબ્દો સાંભળી આનંદવિભોર બની ગઈ. પુલકિતાંગી તેણીએ ખૂબ સુંદર શબ્દોમાં ઉપકારી શ્રી મહાવીરદેવની આદરપૂર્વક સ્તુતિ કરી; અને ત્યાં રહે છતે જ ચંપાનગરીની દિશામાં ભગવાનશ્રીને વંદન-નમસ્કાર કર્યા.

સુલસાના અડગ-નિર્મળ-દૃઢ સમકિતના સાક્ષાત્ દર્શનથી અંબડ સમ્યગ્દર્શનની સ્થિરતા પામ્યો. સુલસાની રજા મેળવી એ પોતાના સ્થાને ગયો.

વિવિધ અનુષ્ઠાનો સહ વિવિધ પ્રકારના તપ કરી સુલસાએ શરીરને કૃશ = પાતળું બનાવી દીધું. અનુક્રમે એણી વૃદ્ધાવસ્થા પામી. સદ્ગુરુપાસે વિનયપૂર્વક એણીએ સવિશેષ અંતિમ નિર્વામિણાનું સ્વરૂપ જાણ્યું અને તેમને અંતિમ નિર્યામિણા કરાવવા પ્રાર્થના કરી. સદ્ગુરુએ એ પ્રમાણે કર્યું.

આ પ્રમાણે સદ્ગુરુ પાસે અંતિમ નિર્યામણા કરતી, ઉત્કૃષ્ટ ધર્મની આરાધના કરતી, મોક્ષાભિ-લાષવાળી, શ્રીમદ્ વીર જિનેશ્વરદેવોના ચરણ-કમળોનું હૃદયમાં ધ્યાન કરતી, સમતારસનું પાન કરતી સુલસાએ તીર્થંકર નામ ગોત્ર કર્મની ઉપાર્જના કરી. જીર્ણ દેહનો ત્યાગ કરી ધર્મ આરાધનાના અદ્ભૂત પ્રભાવે તેણી દેવગતિમાં પ્રભાવશાળી દેવરૂપે અવતરી ત્યાં નિર્મમત્વ ભાવે દેવલોકના દિવ્ય સુખોને અનુભવી ત્યાંથી ચ્યવી આ જ ભરતક્ષેત્રના આગામી ઉત્સર્પિણી કાળમાં ચોવીશ પૈકીના પંદરમાં તીર્થંકર નિર્મમ નામના બની, અનેકાનેક જીવોને અનંત સુખ સ્વરૂપ મોક્ષનો માર્ગ બતાવી દેહનો ત્યાગ કરી સિદ્ધિગતિને પ્રાપ્ત કરશે.

જય હો! વિજય હો! નિર્મમત્વગુણવાન તિર્થપતિશ્રી નિર્મમસ્વામીનો! *

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



With Best Compliments from

Kinjal Electronics

Chandni Chowk, Par Falia,
Opp. Children Park, Navsari-396445
Tele : (02637) 241 321 Fax : (02637) 252 931

## તપના પ્રભાવે ડાયાબિટીસને ભગાડ્યો

મહેસાણાના એવંતીભાઈના ધર્મપત્નીને ડાયાબિટીસને કારણે ૫ વર્ષ પૂર્વે આંખમાં હેમરેજ થયું. હેમરેજવાળી નસને તપાસી નવસારીની પ્રખ્યાત હૉસ્પિટલે ઉપચાર કર્યો. આંખે સારું થઈ ગયું. પણ ડાયાબીટીસ વધવાથી ફરી આંખમાં હેમરેજ થયું. તેથી ડૉકટરોએ તપ કરવાની મનાઈ કરી. છતાં તેમણે બે વર્ષ પહેલાં શ્રેણીતપમાં ૮૪ ઉપવાસ કર્યા ! પછી વર્ષીતપ શરૂ કર્યો. (આ ત્રીજો વર્ષી તપ હતો.) પછી ચેક કરાવતા લોહી કે પેશાબમાં ડાયાબીટીસ નહોતો ! ધાર્મિક આરાધનાને ઘરનાં કામ પણ સારી રીતે કરે છે. આમ તપથી ડાયાબીટીસનો નાશ થઈ ગયો !

મેસર્સ સુપર કાસ્ટ

૨૮૬, જી.આઈ.ડી.સી. ચિત્રા, ભાવનગર

Manutacturer's of C.I. Casting. ✆ : 2445428 – 2446598

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ત્યાગ - ભગવાન મહાવીરની દ્રષ્ટિએ....

*—દીપકભાઈ દેસાઈ*

એક શેઠ દરરોજ સત્સંગ કરતા. એમને બીડી પીવાની ટેવ પડેલી. એક દહાડો બે ઈંચની બીડીને બદલે બાર ઈંચનો બીડો ઓટલે બેસીને પીતા હતા! એમના સત્સંગી મિત્રે પૂછ્યું : 'અલ્યા, આ શું?! આવડો મોટો બીડો કેમ?' ત્યારે શેઠે કહ્યું, 'મહારાજે મને આજ્ઞા કરી કે બાધા લે કે રોજ ચાર જ બીડી પીશ. મેં ઘણી ના કહી પણ એમણે જબરજસ્તીથી મારી પાસે બાધા લેવડાવી.' તે આ શેઠ બાધા પાળે છે!(?) થોડીવારમાં બીડી પીતા હતા. તે અડધી થઈ ગઈ એટલે એ શેઠે શું કર્યું કે બે પાંદડા લઈ નીચેથી ચઢાવવા માંડયા!! 'શેઠ આ તમે શું કરો છો?' શેઠ કહે, 'ચાર બીડીએ પૂરું ના થાય એટલે.'

કહેવું પડે શેઠ તમારી અક્કલને! ધન્ય છે તમને! આવું જ્ઞાન તો ભગવાન મહાવીરને ય કેવળજ્ઞાનમાં ના આવ્યું તે 'જ્ઞાન' (?) તમને છે!! તમે કઈ જાતના છો? આવી ય બુદ્ધિ હોઈ શકે? આશ્ચર્ય ના થાય તો શું થાય? આ ત્યાગને ક્યા પ્રકારનો ત્યાગ કહેવો? જો ત્યાગ ના થઈ શકે તેમ હોય તો ના કરવો? કોઈએ આપણને કંઈ તોપને બારે ચઢાવ્યા છે કે બસ એ કહે તેમ કરવુ જ? ત્યાં ચોખ્ખું કહીને આવા ઘોર અપરાધમાંથી શું ના બચી શકાય?

ત્યાગ તો કોનું નામ કહેવાય કે જે વર્તે તે. જેની ફરીથી યાદ જ ના આવે. એને ત્યાગ ભગવાને કહેલો છે. ઘરબાર, બૈરી-છોકરાં, મોટર-બંગલા બધું ત્યાગ્યું હોય પણ તેને તે ક્યારેય ફરી લક્ષમાં ના આવે કે મેં આ ત્યાગ્યું! એની વિસ્મૃતિ જ વર્તે, તેનું નામ ખરો ત્યાગ કહેવાય. ખરેખર તો તે ખરી પડ્યું જ કહેવાય. ખરી પડે તે જ સાચા મોક્ષમાર્ગે પ્રગતિ કરાવે છે.

લોકો ઢગલેબંધ વસ્તુઓનો, વ્યક્તિઓનો ત્યાગ કરે છે. વિશ્વમાં વસ્તુઓ તો અનંત છે. કઈ ત્યાગવી ને કઈ નહીં? બધું જ ત્યાગ્યું. જંગલમાં દીગંબર થઈને ગયા પણ ત્યાં ય શરદી થઈ ને તુલસી રોપી. ઉંદરડા તુલસી ખાઈ ગયા. તેનાં માટે બિલાડી પાળી. બિલાડીને દૂધ પાવા ગાય બાંધી ને ગાય સાચવવા શિષ્ય રાખ્યો ને એમ સંસાર મોટો થયો! ઘેર એક પત્ની ને બે છોકરાં છોડ્યા ને ત્યાં ૧૦૮ શિષ્યોના ઘંટ વળગાળ્યા! ભગવાનની ભાષાનો આ ત્યાગ હોઈ શકે?

મહાવીર ભગવાને તો ત્યાગની વૈજ્ઞાનિક વ્યાખ્યા આપી છે. ભગવાને કહ્યું કે, 'વસ્તુના ત્યાગને ત્યાગ નથી કહેવાતો પણ વસ્તુ પ્રત્યેના મૂર્છાના ત્યાગને ત્યાગ કહેવાય! આવી વ્યાખ્યા તો તીર્થંકરો જ આપી શકે અને તે સમજી શકે કોઈ વિરલ જ્ઞાની જ! બાકી અજ્ઞાન દશામાં ગમે તેટલા ત્યાગ કર્યા હશે ને મૂર્છા અકબંધ હશે, તો તેનાથી શું ફાયદો? એવું ત્યાગ તે આગે આવે જ.'

ત્યારે પેલા વ્યાખ્યાનમાં સાંભળેલું વાક્ય યાદ આવ્યું, 'મેરુ પર્વત જેટલા ઢગલા થાય ઓઘાના કે મુંહપત્તીના તો ય મોક્ષ ના મળ્યો?' સાહેબ જો તમારા આ હાલ તો સાંભળીને અમારા હાલમાં શું ફરક પડશે? એવો કંઈક બોધ આપો કે એમને ય અંદરથી વસ્તુ પ્રત્યેની મૂર્છાઓ ખરી પડે! અને ભગવાનના સાચા મોક્ષમાર્ગને પામીએ! માટે ત્યાગ વર્તાય. તે સાચો ત્યાગ મોક્ષને લાયક કહેવાય! એવો ત્યાગ પછી ગ્રહસ્થી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હો કે સાધુ હો. સ્ત્રી હો કે પુરુષ હો. જેને પણ વર્તે તેનો અવશ્ય મોક્ષ થાય!

શ્રીમદ્ રાજચંદ્રે કહ્યું કે, જ્ઞાનીને ત્યાગાત્યાગ સંભવે નહીં. ત્યાગે ય નહીં ને અત્યાગે (ગ્રહણ) ય નહીં! બધું ખરી પડે સ્હેજે! ત્યાગ અહંકાર વિના ના થાય ને ગ્રહણે ય અહંકાર વિના ના થાય. કોઈને ત્યાગ્યાનો અહંકાર વર્તે. કોઈને ગ્રહણ કર્યાનો અહંકાર વર્તે! મોક્ષને માટે તો ભગવાને બંનેને નાપાસ ગણ્યા છે!

મોટી રકમવાળું પાકીટ પડી ગયું પણ મહીં કંઈ પરમાણુ પણ ના હાલ્યું, તો તે પૈસાનો ત્યાગ વર્ત્યો કહેવાય અને જરાક શિષ્યથી પાત્ર તૂટી ગયું ને ગુરુને ક્રોધ આવ્યો કે સમજવું કે ખરા ત્યાગી નથી. ત્યાગમાં સમતા હોય. તો જ તેને ભગવાને કહેલો ત્યાગ કહેવાય. ત્યાગમાં વિષમતા ના ચાલે. ત્યાગમાં વિષમતા એટલે કંદમૂળનો ત્યાગ હોય ને ભૂલથી બટાકો દાળમાં આવી ગયો ને કષાય થઈ ગયા તો તે ત્યાગમાં વિષમતા થઈ ગઈ કહેવાય. ત્યાં જ્ઞાનીને કેવું હોય? માંસનો ટુકડો ય દાળમાં આવી જાય તો ધીમે રહીને ટુકડો કાઢીને ઓટીમાં કે ખીસામાં સંતાડી દે! યજમાન જાણે તો તેને દુ:ખ થાય માટે! કષાય કાઢવા માટે ત્યાગ છે. જે ત્યાગ કષાય કરાવે, તેને ત્યાગ કેવી રીતે કહેવાય? એટલે ત્યાગ બે પ્રકારના. (૧) અહંકારે કરીને કરેલો ત્યાગ (૨) સહજ વર્તનમાં વર્તાય તે ત્યાગ!

જ્ઞાનીઓ પાસે ધોરીમૂળથી જ દવા હોય. ડાળા-પાંદડાની નહીં! તેથી જ્ઞાનીઓએ ત્યાગ શેનો કરવાનો કહ્યો? અહંકાર અને મમતાને 'હુંપણું અને મારું.' બે ત્યાગ્યા પછી સંસારમાં કશું જ ત્યાગવાનું બાકી રહેતું નથી!

ઉર્ધ્વ કર્મ ત્યાગ કરાવડાવે, તપ કરાવે, એ ત્યાગ વીતરાગનો ના કહેવાય. પ્રકૃતિ પરાણે કરાવે, તે બધું જ ઉર્ધ્વકર્મ કહેવાય! તેનાથી આત્મા પર શો ઉપકાર? ઉર્ધ્વકર્મથી ત્યાગ થાય ને પોતે માને કે મેં ત્યાગ્યું. તેને કેફ કહ્યો. મેં ત્યાગ્યું એવું બોલે નહીં. પણ મહીં વર્તે. મહીં વર્તે તે સૂક્ષ્મ કેફ કહેવાય! મનમાં વિચાર આવે, વાણીના પરમાણુઓ ઉડે ત્યારે તેમાં તનમ્યાકાર ના થાય. આત્મ સ્વભાવમાં રહીને તેને જુદું જુએ અને જાણે તેને સર્વસ્વ શુદ્ધ ત્યાગ કહ્યો. એનું ફળ મોક્ષ આપે. આત્મજ્ઞાની વિના આ શુદ્ધપદની પ્રાપ્તિ કોઈથી કરાવી ના શકાય. ઘણાં ગાય છે 'ત્યાગ ન ટકે વૈરાગ્ય વિના.' તો પછી વૈરાગ્ય શેના વિના ના ટકે? એનો જવાબ જ્ઞાન જ આપી શકે. વૈરાગ્ય ન ટકે વિચાર વિના. ત્યાગથી જ મોક્ષ નથી. આત્મજ્ઞાનથી જ મોક્ષ છે. અજ્ઞાન દશાના ત્યાગથી પાછું આગે આવે ભૌતિક સુખ મળે! સંસારીઓનાં સર્વ દુ:ખો પોતાને હો ને પોતાના સર્વ સુખ સંસારીઓને હો. એવી દીન-રાત ભાવના જેને વર્તે છે. એ ખરો ત્યાગી કહેવાય. પોતે જ પીડાતો હોય. તે બીજાને શું સુખ આપી શકે? ખરો ત્યાગી હોય. તેનું મોઢું જોતાં જ ભયંકર દુ:ખો ય વિસ્મૃત થઈ જાય ને આનંદ આનંદ વર્તાય! દીલ ઠરી જાય!

મૂળ આત્મા એક ક્ષણ પણ અનાત્મા થયો નથી. જે થઈ શકે તેમ પણ નથી. મૂળ આત્માને ત્યાગ નથી. જપ-તપ કશું ય નથી. આત્માને ગ્રહણ કે ત્યાગ છે એ માન્યતા એ જ ભ્રાંતિ છે!

જ્ઞાની મળે તેને તો એમની આજ્ઞા એ જ ધર્મ ને એ જ તપ અને એનાંથી જ મોક્ષ! જ્ઞાની અહંકાર અને મમતાનો જ ત્યાગ કરાવે ને નિજ સ્વરૂપનું ગ્રહણ કરાવે, પછી સ્ટેજે મન વચન કાયા છુટાં વર્તે, ત્યારે ખરો મહાવીરનો ત્યાગ થયો ગણાય. જે નિશ્ચય મોક્ષ પ્રાપ્ત કરાવે જ!

*(ગુજરાત સમાચારમાંથી સાભાર)*

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ❀ મનુષ્ય માત્ર ભૂલને પાત્ર ❀

મનુષ્ય માત્ર ભૂલને પાત્ર એ કહેવત પ્રમાણે આપણે ત્યાં પ્રાચીનકાળથી પરંપરાગત રીતે ચાલી આવે છે. કહેવત નાની છે છતાં ગુણવત્તાની અથવા સત્વશીલતાની દૃષ્ટિએ મોટી છે.

એ સૂચવે છે કે મનુષ્ય જ્ઞાન અથવા અજ્ઞાત રીતે એક અથવા બીજા કારણથી ભૂલ કરે છે. જ્યાં સુધી એ પૂર્ણતા પર નથી પહોંચ્યો, મુક્ત કે સંપૂર્ણ નથી બન્યો, પરિશુદ્ધિની પરિસીમા પર નથી પહોંચ્યો, ત્યાં સુધી એની અંદર કોઈ ને કોઈ પ્રકારની ત્રુટી રહેવાની અને એ ત્રુટીને લીધે ભૂલ પણ થયા કરવાની.

મનુષ્ય માત્ર ભૂલને પાત્ર એ સાચું હોવા છતાં એ ભૂલને સમજીને સુધારી શકે છે અને એણે ભૂલને સમજીને સુધારવી જોઈએ, એ પણ એટલું જ સાચું છે. જે ભૂલ પકડીને સુધારવાનો પ્રયત્ન કરવાને બદલે ભૂલનું પુનરાવર્તન કર્યા કરે કરે છે એ મનુષ્ય દયાપાત્ર અને આદર્શ મનુષ્ય ના કહી શકાય.

વિવેકી મનુષ્ય એક વાર, બે વાર, ત્રણ વાર ભૂલનો ભોગ બન્યા પછી પણ એ ભૂલને સુધારી લે છે. એનું પુનરાવર્તન નથી થવા દેતો. એ આત્મનિરીક્ષણ અને આત્મસંશોધન કરે છે. ક્રમે ક્રમે આગળ વધતાં એવી અવસ્થા પર પહોંચે છે જયારે એનાથી કોઈ ભૂલ જ નથી થતી.

એ સત્યને, ન્યાયને, નીતિને, માનવતાને મંગલ માર્ગે પગલાં ભરે છે. મનુષ્યમાંથી મનુષ્યોત્તમ બને છે.

મનુષ્ય માત્ર ભૂલને પાત્ર છે તે વાતને સમજીને જેણે ભૂલ કરી હોય, અથવા ભૂલ કરતા હોય તેમનો તિરસ્કાર ના કરીએ. તેમને ઉતારી ના પાડીએ. એમનું અપમાન પણ ના કરીએ. એમના પ્રત્યે સહાનુભૂતિ રાખીએ. એમને સહાનુભૂતિથી સમજાવવાની કોશિશ કરીએ.

મદદ પહોંચાડીએ, બને તો ફરી વાર ભૂલના ભોગ ના બનવાનું પરિબળ પૂરું પાડીએ. કેટલાયને અનિચ્છાએ, નિરુપાયે, સંજોગોને વશ થઈને, ભૂલના ભોગ બનવું પડ્યું હોય છે. એને માટે એમને ખેદ પણ થતો હોય છે, પીડા પહોંચતી હોય છે.

પશ્ચાતાપ થાય છે. એમને તિરસ્કારવાથી કોઈ હેતુ નહિ સરે. એમને આશ્વાસન આપવું, પથપ્રદર્શન કરવું આવશ્યક છે. એવી રીતે જ એમની સેવા થઈ શકાશે. મનુષ્ય માત્ર ભૂલને પાત્ર એ સાચું હોવા છતાં એ ભૂલમાંથી મુક્તિ મેળવી શકે છે એ પણ એટલું જ સાચું છે.

સંસારના આધ્યાત્મિક ઈતિહાસનું અવલોકન કરવાથી જણાય છે કે, જેમના જીવનમાં અનેક પ્રકારની ત્રુટિઓ તથા દોષો હતા તે જાગ્રત બન્યા, દોષોમાંથી મુક્તિ મેળવીને મહામાનવ આદર્શ માનવ બન્યા ને પ્રશાંતિ પામ્યા. સૂરદાસે પોતાના પદમાં ગાયું છે કે-

અજામિલ ગીધ વ્યાધ્ર ઈનમેં કહો કોન સાધ,
પંછી કો પદ પઢાત, ગણિકા કો તારી,
દીનના દુઃખ હરન દેવ સંતન હિતકારી.

જીવનને ત્રુટિરહિત, દોષરહિત કરવા માટે ઈશ્વરનું શરણ લઈએ, પ્રાર્થના કરીએ, સત્સંગનો રસ કેળવીએ, આત્મસુધારનો સંકલ્પ સેવીએ અને ભૂલ કરનારને ક્ષમા કરીને ત્રુટિરહિત જીવન જીવવાની તક અથવા અવસર પૂરો પાડીએ તો જીવન બદલાઈ જાય, અધિકાધિક ઉપયોગી અને આશીર્વાદરૂપ થાય.

—*યોગેશ્વર*

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## શોકાંજલિ

ભાવનગર નિવાસી નિષ્ઠાવાન સામાજિક કાર્યકર શ્રી હીરાલાલ જમનાદાસ શાહ (ઉ.વ.૮૪) મુંબઈ ખાતે નવકાર મંત્રનું સ્મરણ કરતાં કરતાં સમાધિપૂર્વક સ્વર્ગવાસ પામેલ છે. તેઓશ્રી આ સભાના આજીવન સભ્ય હતા. સભા પ્રત્યે તેઓશ્રી અત્યંત મમતા અને લાગણી ધરાવતા હતા. તેઓશ્રી ભાવનગર સ્થિત અનેક સામાજિક તેમજ ધાર્મિક સંસ્થાઓની સેવાના સદ્દકાર્યોમાં ઊંડો રસ ધરાવતા હતા.

તેઓશ્રીના દુઃખદ અવસાનથી તેમના પરિવાર ઉપર આવી પડેલ આ દુઃખમાં આ સભા સમવેદના પ્રગટ કરે છે. સાથે સદ્દગતશ્રીના આત્માને પ્રભુ પરમ શાંતિ અર્પે તેવી પ્રાર્થના કરે છે.

*લિ. શ્રી જૈન આત્માનંદ સભા – ભાવનગર*

## શોકાંજલિ

ભાવનગર નિવાસી શેઠશ્રી કપૂરચંદ હરીચંદ શાહ (ઉ.વ.૯૩) ગત તા. ૪-૫-૦૩ને રવિવારના રોજ નમસ્કાર મહામંત્રનું સ્મરણ કરતાં કરતાં સમાધિ પૂર્વક સ્વર્ગવાસ પામેલ છે. તેઓશ્રી આ સભાના આજીવન સભ્ય તથા પાલીતાણા યાત્રાના ડોનર હતા. સભા પ્રત્યે તેઓશ્રી અત્યંત મમતા અને લાગણી ધરાવતા હતા. તેમજ ધાર્મિક અને સામાજિક સેવાના સદ્દકાર્યોમાં ઊંડો રસ ધરાવતા હતા.

તેઓશ્રીના દુઃખદ અવસાનથી તેમના કુટુંબ પર આવી પડેલ દુઃખમાં આ સભા સમવેદના પ્રગટ કરે છે. સાથે સાથે સદ્દગતશ્રીના આત્માને પ્રભુ પરમ શાંતિ અર્પે તેવી પ્રાર્થના કરે છે.

*લિ. શ્રી જૈન આત્માનંદ સભા – ભાવનગર*

## જૈન ઇતિહાસનું શ્રેષ્ઠ પ્રકાશન
## 'તીર્થ દર્શન' ત્રણ વોલ્યુમ.

શ્રી જૈન પ્રાર્થના મંદિર ટ્રસ્ટ ચેન્નઈ દ્વારા પ્રાચીના જૈન તીર્થની કિંમતી વારસાનો લોકોને ખ્યાલ આવે અને તેમના મનમાં ભક્તિ ભાવના ઊભી થાય અને ઘેર બેઠા જૈન તીર્થોના દર્શનનો અનેરો લાભ મળે એ માટે 'તીર્થદર્શન' ત્રણ અમૂલ્ય ગ્રંથો—ત્રણ વોલ્યુમ મલ્ટી કલરમાં બહાર પાડવામાં આવ્યા છે. આ ત્રણ વોલ્યુમ ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી ભાષામાં છે અને તેમાં દેશના ૨૬૫ પ્રાચીન જૈન તીર્થોને આવરી લેવાયા છે અને આ તીર્થો અને તેની આસપાસના સુંદર દૃશ્યો અને નયનરમ્ય પ્રતિમાજીની મલ્ટીકલર અલભ્ય તસ્વીરો આપવામાં આવી છે. આ ઉપરાંત દરેક તીર્થનો ઇતિહાસ, તેનું મહત્વ, ત્યાના રહેવા, ખાવા પીવાની વ્યવસ્થા અને આ તીર્થની યાત્રા કરવી હોય તો કેવી રીતે જઈ શકાય એ અંગેની વિસ્તૃત માહિતી આપવામાં આવી છે.

જૈન ઇતિહાસનું આ કિંમતી અને ઉપયોગી પ્રકાશન છે. આ ગ્રંથો જગત્‌ગુરુ મિત્રમંડળ, પાલનપુર સંઘ, ૪૧૫ પંચરત્ન, ચોથા માળે, ઓપેરા હાઉસ, મુંબઈ ખાતેથી મળી શકશે. ગ્રંથો અને જાણકારી માટે સંપર્ક : યુ. પન્નાલાલ વૈદ્ય ફોન નં. ૬૪૦૪૧૮૮-૬૪૩૨૫૨૩.

❀ ❀ ❀

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**શ્રી જૈન શ્વે. તીર્થ નાકોડા :**–આગમ પ્રભાકર પૂ. મુનિશ્રી જંબૂવિજયજી મ. સા. આદિ સાધુ. સાધ્વીજી ભગવંતોની શુભ નિશ્રામાં મુમુક્ષુ મહેન્દ્રકુમાર અશોકકુમારની ભાગવતી દીક્ષા તા. ૭-૫-૦૩ના રોજ પ્રદાન કરવામાં આવી હતી. આ નિમિત્તે તા. ૪ થી ૭ મે દરમ્યાન વિવિધ કાર્યક્રમોનું ઓયાજન કરવામાં આવેલ.

❀

**પાવાપુરી તીર્થ (રાજ.)માં દીક્ષા મહોત્સવ :** યુવક જાગૃતિ પ્રેરક પૂ. આ. શ્રી ગુણરત્નસૂરીશ્વરજી મ.સા.ની શુભ નિશ્રામાં ભાવનગર નિવાસી જયસુખલાલ ઠાકરશીભાઈ સંઘવીના સુપુત્રી મુમુક્ષુ અલ્પાબેનની ભાગવતી દીક્ષા ગત તા. ૧૨-૫-૦૩ના રોજ પાવાપુરી તીર્થ (રાજ.) મધ્યે શાસન પ્રભાવના પૂર્વક સંપન્ન થઈ. આ નિમિત્તે તા. ૧૦ થી ૧૨ મે, ૦૩ દરમ્યાન વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ. મુમુક્ષુ અલ્પાબેનની સાથે આજ મંગલ દિવસે બીજા ૭ મુમુક્ષુઓએ પણ દીક્ષા અંગિકાર કરેલ.

❀

**સા. શ્રી વિસ્તીર્ણાજીને પી. એચ. ડી.ની પદવી :**–સ્થાનકવાસી સમાજના સા. શ્રી વિસ્તીર્ણાજીએ ગુજ. યુનિ.ના ભાષા સાહિત્ય ભવનના અધ્યક્ષ ડૉ. કુમારપાળ દેસાઈના માર્ગદર્શન હેઠળ 'નવતત્ત્વ પ્રકરણ બાલાવબોધ' પર મહાનિબંધ તૈયાર કર્યો હતો. ગુજ. યુનિ.માં ગુજરાતી વિષયમાં મહાનિબંધ લખીને પી. એચ. ડી.ની પદવી મેળવનાર આ સર્વ પ્રથમ સાધ્વી છે.

❀

**સાબરમતી કન્યા ગુરુકૂલ :**–અમદાવાદ શહેરમાં સાબરમતી ખાતે સ્રીઓની ૬૪ પ્રાચીન કળાઓની અર્વાચીન ઢબે તાલીમ આપતાં કન્યા ગુરુકુલનું ખાતમુહૂર્ત ગત તા. ૧૭-૨-૦૩ના રોજ કાયદા અને ન્યાયમંત્રી શ્રી અશોકભાઈ ભટ્ટની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું. આ ગુરુકૂલમાં આજના આધુનિક વાતાવરણમાં ઉછરેલી તરૂણીઓના જીવનનો સર્વાંગીણ વિકાસ થાય અને તેઓ જીવનના તમામ ક્ષેત્રોમાં ટોચ ઉપર પહોંચે એ રીતે સ્રીઓની ૬૪ કળાઓ અર્વાચીન ઢબે શીખવવામાં આવશે. સાબરમતીમાં અત્યંત મોકાની પાંચ હજાર ચોરસવાર જમીન ઉપર તૈયાર થઈ રહેલા આ ભવ્ય સાંસ્કૃતિક કેન્દ્ર કમ વિદ્યાલય પાછળ આશરે પાંચ કરોડ રૂા.નો ખર્ચ થશે. જે અમદાવાદની તમામ શૈક્ષણિક અને સાંસ્કૃતિક સંસ્થાઓમાં અનેરી ભાત પાડનારું બની રહેશે. આશરે એક હજાર કુમારિકાઓ નૈતિક શિક્ષણ સાથે એસ. એસ. સી. સમકક્ષ વ્યાવહારિક શિક્ષણ પણ પ્રાપ્ત કરશે.

❀

## જૈન વિદ્યામાં ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે અભ્યાસ અંગે :

ગુજરાત વિદ્યાપીઠ સંચાલિત આંતરરાષ્ટ્રીય જૈન વિદ્યા અધ્યયન કેન્દ્ર, અમદાવાદ દ્વારા જૈન દર્શન, તત્વજ્ઞાન અને ધર્મના સર્વાંગીણ અધ્યયન માટે બે વર્ષના પારંગત (એમ. એ.), અનુપારંગત (એમ. ફિલ) અને વિદ્યાવાચસ્પતિ (પી. એચ. ડી)ના અભ્યાસક્રમ ચલાવવામાં આવે છે. આ અભ્યાસ ક્રમમાં અધ્યયન કરવા ઇચ્છતા ભાઈ-બહેનોએ જૂન માસ સુધીમાં પ્રવેશપત્રના ફોમ મેળવી લેવા વિનંતી.

રસ ધરાવતા અને જિજ્ઞાસુ ભાઈ-બહેનોએ વધુ માહિતી માટે અમદાવાદ ખાતે ડૉ. પૂર્ણિમા મહેતાનો રૂબરૂ અથવા ફોન ઉપર સંપર્ક કરવા વિનંતી છે. ફોન નં. (૦૭૯) ૭૫૪૨૦૯૮

❀ ❀ ❀

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**ગોડીજી પાર્શ્વનાથ જિનાલય : ભાવનગર :** શ્રી ગોડીજી પાર્શ્વનાથ દાદાની ૧૭૨મી સાલગીરા ફાગણ સુદ-૨ બુધવાર તા. ૫-૩-૦૩ના રોજ હોવાથી ભવ્યાતી ભવ્ય ઉજવણી કરવામાં આવી. સાલગીરા નિમિત્તે પંચાન્હિકા મહોત્સવ, અઢાર અભિષેક તથા ૧૨૫ જિનેશ્વર ભગવંતોને સોનાના વરખની અંગરચના કરવામાં આવી હતી. તેમજ ભાવનગર શ્રીસંઘના સાધારણ ભરતા પરિવારોને સંઘ શેષ આપવામાં આવેલ.

❀

## દાદાસાહેબ દેરાસર ખાતે શતાબ્દી મહોત્સવની ઉજવણી :

ભાવનગર ખાતે આવેલ શ્રી દાદાસાહેબ દેરાસરની એકસોમી વર્ષગાંઠ નિમિત્તે પૂ. આ.શ્રી વિજયસિંહસેનસૂરીશ્વરજી મ.સા. આદિ ગુરુ ભગવંતોની શુભ નિશ્રામાં તા. ૧૦-૦૫-૦૩ થી તા. ૧૭-૫-૦૩ દરમ્યાન ભવ્યાતી ભવ્ય મહોત્સવનું આયોજન કરવામાં આવેલ.

મહોત્સવ દરમ્યાન રથયાત્રા, અર્હદ્ મહાપૂજન, સ્વામીવાત્સલ્ય આદિના શાસન પ્રભાવક શુભ કાર્યોનું આયોજન કરવામાં આવેલ છે.

❀

**નૂતન ગચ્છાધિપતિ પદે :** તપાગચ્છાધિરાજ પૂ. આ. શ્રી વિજયરામચંદ્રસૂરીશ્વરજી મ.સા.ના સુવિશાળ સમુદાયના નૂતન ગચ્છાધિપતિ પદે પ્રભાવક પ્રવચનકાર પૂ. આ. શ્રી વિજયહેમભૂષણસૂરીશ્વરજી મ. સા. ને સુરત ખાતે ગત તા. ૮-૫-૦૩ને ગુરુવારના રોજ તેઓશ્રીના વડીલો તરફથી આ પ્રભાવક પદ મહોત્સવપૂર્વક એનાયત થયું છે.

❀

## ભાવનગર શહેરમાં વર્ષીતપના પારણા નિમિત્તે
## જિનેન્દ્ર ભક્તિ મહોત્સવ તથા જૈન સંઘનું સ્વામીવાત્સલ્ય

પૂ. આ. શ્રી વિજયસિંહસેનસૂરીશ્વરજી મ.સા. આદિ ગુરુભગવંતોની શુભ નિશ્રામાં વર્ષીતપના ૪૨ આરાધકોના પારણાનો ઉત્સવ અક્ષયતૃતિયાના પાવન પર્વે ભારે ઉમંગ-ઉત્સાહ અને આસ્થાભેર ઉજવવામાં આવ્યો.

આ નિમિત્તે ભાવનગર જૈન શ્વે. મૂ. પૂ. તપાસંઘ દ્વારા પાંચ દિવસની ભવ્ય ઉજવણી વૈવિધ્ય સભર ધાર્મિક કાર્યક્રમો સાથે થઈ હતી. આ મહોત્સવ દરમ્યાન દેરાસર ખાતે પાંચેય દિવસ પ્રભુજીને ભવ્ય અંગ રચના કરવામાં આવી હતી. તપસ્વીઓના પારણાના સામુદાયિક કાર્યક્રમ નિમિત્તે અખાત્રીજના શુભ દિને સમસ્ત ભાવનગર શ્રીસંઘનું સ્વામીવાત્સલ્ય વિનીતાનગરી ખાતે રાખવામાં આવેલ. જેમાં હજારો ભાવિકોએ લાભ લીધો હતો.

આમ, શહેરમાં અખાત્રીજના વર્ષીતપના તપસ્વીઓના પારણા અને સમસ્ત ભાવનગર જૈન સંઘ સ્વામી વાત્સલ્યના કાર્યક્રમ સાથે પાંચ દિવસીય મહોત્સવની ઉજવણીનું ભારે ભક્તિ અને આનંદ-ઉમંગ વચ્ચે સમાપન થયું હતું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## સાહિત્ય તેમજ અન્યક્ષેત્રે સિદ્ધિ મેળવતા
## પ્રા. પ્રફૂલાબેન વોરા

ભાવનગરની ગુલાબરાય સંઘવી શિક્ષણ મહા વિદ્યાલયના વ્યાખ્યાતા અને શ્રેષ્ઠ શિક્ષકના રાષ્ટ્રીય પુરસ્કારથી સન્માનિત ડૉ. પ્રફૂલાબેન વોરાની વિવિધ સાહિત્યિક કૃતિઓ રાજ્યના પ્રતિષ્ઠિત સામયિકો આકાશવાણી રાજકોટ, અમદાવાદ દૂરદર્શન દ્વારા પ્રસિદ્ધ કરી ચૂકાઈ છે. તાજેતરમાં કવિ શ્રી સુરેશ દલાલ સંપાદિત ''કવિયત્રી વિશ્વ''માં પ્રકાશિત વિશ્વના ૬૮ દેશોની ૪૨૨ જેટલી ગુજરાતી કૃતિઓમાં પણ તેણીની રચનાને સ્થાન મળ્યું છે.

અમદાવાદ દૂરદર્શન પરથી પ્રસારિત ધારાવાહિક 'સહિયર' યોજીત કવિતા સ્પર્ધામાં પ્રથમ અને વાર્તા સ્પર્ધામાં દ્વિતીય સ્થાન મેળવ્યું છે. ગત તા. ૩-૫-૦૩ના અમદાવાદ ખાતે સહિયર દ્વારા કેન્દ્રીય મંત્રી ભાવનાબેન ચિખલીયાના હસ્તે તેણીને પુરસ્કૃત કરવામાં આવ્યા છે.

આ ઉપરાંત તેણીએ જૈન ધર્મના વિવિધ વિષયો ઉપર લેખો ઉપરાંત શ્રી જૈન આત્માનંદ સભા--ભાવનગર દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવેલ 'શ્રી તીર્થંકર ચરિત્ર' (સચિત્ર) પુસ્તક્નું સંપાદન કાર્ય કરેલ છે. હાલમાં તેણી આચાર્યશ્રી વિજયચંદ્રોદયસૂરીશ્વરજી મ. સા. પ્રેરિત અને મુનિશ્રી કુલચંદ્રવિજયજી મ.સા. આયોજિત જૈન યુનિવર્સિટી ઇન્ટરનેટમાં જૈન ધર્મમાં વિવિધ વિષયો ઉપર અંગ્રેજીમાં લેખન કાર્ય કરી રહ્યા છે.

**Mfrs. Of Audio Cassettes & Components And Compect Disc Jewel Boxes**

**JET ELECTRONICS**
Cassette House,
Plot No. 53/3b, Ringanwada,
Behind Fire force Station,
DAMAN (U.T.) - 396210

Tel : (0260) 22 42 809
(0260) 22 43 663
Fax : (0260) 22 42 803
E-mail : Jatinsha@giasbm01.vsnl.net.in

**JACOB ELECTRONICS PVT. LTD.**
48, Pravasi ind. Est.
Goregoan (E)
MUMBAI-400 069

Tel : (022) 28 75 47 46
Fax : (022) 28 74 90 32
E-mail : JetJacob@vsnl.com

**Remarks : Book Delivery at Daman Factory.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ❀ શ્રી મરૂદેવા માતાની કથા ❀

તપ અને સંયમ ગુણરહિત કેટલાય ભવ્યજીવો કેવળ વિશુદ્ધ ભાવનાથી સિદ્ધિ પદને પામે છે. લઘુકર્મી મરૂદેવી માતાની જેમ :—

જે વખતે ઋષભદેવ ભગવાને ચારિત્ર અંગીકાર કર્યું તે વખતે ભરત ચક્રવર્તી મહારાજા હતા. શ્રી ઋષભદેવસ્વામીની માતા મરૂદેવા હંમેશા ભરતને ઠપકો આપતા હતા. હે વત્સ! તું રાજ્યસુખમાં મોહિત બની મારા પુત્રની ખબર પણ કરતો નથી, હું લોકોના મુખે આ પ્રમાણે સાભળું છું કે–મારો પુત્ર ઋષભ એક વર્ષ સુધી અન્ન અને પાણી વિના ભૂખ્યા અને તરસ્યા, વસ્ત્ર વિના એકલો વનમાં વિચરે છે. ઠંડી અને તાપ સહન કરતો મહાદુઃખને અનુભવે છે. એકવાર મારા પુત્રને તું અહિં લાવ, તેને ભોજન વગેરે હું આપું અને પુત્રનું મુખ જોવ. તે સમયે ભરતે કહ્યું કે–માતા તમે શોક ન કરો. અમે સંખ્યામાં સો એ તારા જ પુત્રો છીએ. મરૂદેવા માતાએ કહ્યું, તે સત્ય છે પરંતુ આંબાના ફળની અભિલાષાવાળાને આંબલીના ફળ મળે એથી શું? તેમ મારા પુત્ર ઋષભ વિના આ આખો સંસાર શૂન્ય લાગે છે. આ પ્રમાણે હંમેશા ઉપાલંભ આપતી, પુત્રના વિયોગથી રૂદન કરતી, તેના નેત્રો ઉપર પડલો આવી ગયા. આ પ્રમાણે એક હજાર વર્ષ વિતી ગયા બાદ શ્રી ઋષભદેવ ભગવંતને કેવળજ્ઞાન ઉત્પન્ન થયું. ચોસઠ ઈન્દ્રોએ આવી સમોવસરણની રચના કરી, ઉદ્યાનપાલકે ભરતને વધામણી આપી ભરતે પણ આવીને મરૂદેવા માતાને શ્રી ઋષભદેવ પ્રભુનું સ્વરૂપ કહ્યું, તમે મને હંમેશા ઉપાલંભ આપો છો.–'કે મારો પુત્ર ઠંડી–તાપ વગેરે પીડાઓ અનુભવ કરે છે અને એકલો વનમાં વિચરે છે.' તો આજે તમે મારી સાથે પધારો. તમારા પુત્રની મહાઋદ્ધિ દેખાડું. આ વચન સાંભળી પુત્રને જોવા ઉત્કંઠાવાળા દાદીમાને હાથી ઉપર બેસાડીને તેઓ સમોવસરણમાં ગયા. ત્યાં દુંદુંભીનો નાદ સાંભળીને મરૂદેવા માતા ઘણા આનંદિત થયા અને ત્યાં દેવ-દેવીઓના જય જય શબ્દો સાંભળીને તેણીને હર્ષના આંસુ નીકળવા લાગ્યા તેનાથી આંખનો રોગ નાશ પામ્યો, અને તેથી ત્રણ ગઢ, અશોકવૃક્ષ, છત્ર, ચામર વિગેરે પુત્રની સર્વ ઋદ્ધિ દેખી અનુપમ આઠ પ્રતિહાર્ય વગેરે મહા ઋદ્ધિ જોઈ મનમાં મરૂદેવી માતા આ પ્રમાણે વિચાર કરે છે. આ સંસારને ધિક્કાર છે, મોહને ધિક્કાર છે. હું એમ જાણતી હતી કે મારો પુત્ર એકલો વનમાં ભૂખ્યો અને તરસ્યો ભમતો હશે પરંતુ આવા પ્રકારની ઋદ્ધિ પામવા છતાં પણ મને કદી સંદેશો ન મોકલ્યો અને હું તો હંમેશા પુત્રના મોહથી અતિદુઃખી થઈ તેથી આ કુત્રીમ એકપક્ષી સ્નેહને ધિક્કારે પડો. કોનો પુત્ર? કોની માતા? સર્વે લોકો પોતાનો સ્વાર્થ સાધવામાં રસીક હોય છે. કોઈપણ કોઈને પોતાના સ્વાર્થ વિના પ્રિય થતો નથી. આ પ્રમાણે વિચાર કરતી ભાવવિશુદ્ધિથી ઘાતીકર્મના ક્ષયથી કેવળજ્ઞાન પ્રાપ્ત કરી અંતમુહુર્ત કાળમાં આયુષ્ય પૂર્ણ કરી તે મોક્ષમાં અવ્યાબાધ એવા શાશ્વત સુખને પામ્યા. અનાદિકાળથી સ્થાવરપણામાં–એકેન્દ્રિયપણામાં રહેલ મરૂદેવા માતાનો જીવ 'આ અવસર્પિણીમાં મનુષ્યભવ પ્રાપ્ત કરી પ્રથમ સિદ્ધ થયા.' આ પ્રમાણે કહીને તેનું શરીર દેવોએ ક્ષીર સમુદ્રમાં વહાવ્યું. મરૂદેવા માતાનું આ દૃષ્ટાંત જાણીને કેટલાક કહે છે કે તપ, સંયમ વગેરે વિના જેવી રીતે મરૂદેવા માતા સિદ્ધિપદને પામ્યા. તેવી રીતે અમે પણ મોક્ષમાં જઈશું. આ પ્રમાણે મૂઢ પુરૂષો આવું આલંબન ગ્રહણ કરે છે. પરંતુ આવું આલંબન વિવેકી પુરૂષોએ ગ્રહણ કરવું જોઈએ નહી, કારણ કે તે મરૂદેવામાતા અનાદિકાળથી સ્થાવરમાં રહેલા ક્યારે પણ ત્રસભવને નહીં પામનારા તેમ જ તીવ્ર કર્મને નહીં બાંધનારા તેથી અત્યંત લઘુકર્મવાળા હતા. તેથી જ કેવળ વિશુદ્ધભાવનાથી સિદ્ધિપદને પામ્યા. અનંત જીવો મોક્ષમાં ગયા છતાં આવો કોઈક જીવ ભાગ્યે જ મોક્ષમાં જનાર થાય છે.

ઉપદેશ :—સંસારની અસારતાના સ્વરૂપને બતાવનાર મરૂદેવામાતાનું દૃષ્ટાંત જાણી હે ભવ્ય જીવો તમે પણ હંમેશા ચિત્તમાં આવી વિશુદ્ધ ભાવના ધારણ કરો. *–ઉપદેશમાળા પુસ્તકમાંથી સાભાર*

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જૂન : ૨૦૦૩ ❑ RNI No. GUJGUJ/2000/4488 ❑ Regd. No. GBV 31

**सौजन्यशाली मनुजः सुखीह च परत्र च ।**
**दुर्जनो हन्ति जन्म स्वं वर्तमानं च भावि च ॥**

卐

સૌજન્યશાલી મનુષ્ય આ લોકમાં અને પરલોકમાં સુખી છે, જ્યારે દુર્જન આ લોક અને પરલોક બન્નેનો ઘાણ વાળે છે. ૧૩.

卐

He who is good, is happy here and hereafter; and he who is wicked, ruins both his lives present and future. 13.

*(કલ્યાણભારતી ચેપ્ટર-૭, ગાથા-૧૩, પૃષ્ઠ-૧૭૦)*

卐

પ્રતિ,

FROM :
**શ્રી આત્માનંદ પ્રકાશ**
ઠે. શ્રી જૈન આત્માનંદ સભા,
ખારગેઈટ, ભાવનગર-૩૬૪૦૦૧
ફોન : (૦૨૭૮) ૨૫૨૧૬૯૮

તંત્રી : શ્રી પ્રમોદકાન્ત ખીમચંદ શાહ
મુદ્રક અને પ્રકાશક : 'શ્રી જૈન આત્માનંદ સભા, વતી શ્રી પ્રમોદકાંત ખીમચંદ શાહએ સ્મૃતિ ઓફસેટ, જૈન વિદ્યાર્થી ગૃહ કંપાઉન્ડ, સોનગઢ-૩૬૪૨૫૦માં છપાવેલ છે અને શ્રી જૈન આત્માનંદ સભા, ખારગેઈટ, ભાવનગરથી પ્રસિદ્ધ કરેલ છે.'

For Private And Personal Use Only